सत्यमेव जयते

અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ

ગુજરાત રાજ્ય ધ્વારા

# લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ અને બાજરીની ખરીદી

GSCSC

## ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.,

(ગુજરાત સરકારનું સાહસ)

**લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ અને બાજરીની ખરીદી કરનાર**

**(નોડલ એજન્સી)**

**ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭–૧૮**

**ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭–૧૮ માં ટેકાના ભાવે ડાંગર,મકાઈ અને બાજરી ખરીદી અંગેની માર્ગદર્શિકા**

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.,

(ગુજરાત સરકારનું સાહસ)

સેકટર–૧૦/એ, નવા સચિવાલય સામે,ગાંધીનગર

# ખરીફ માર્કેટીગ સીઝન

# ૨૦૧૭–૨૦૧૮

# લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ અને બાજરીની ખરીદી

(૧) ડાંગર (કોમન) પ્રતિ કવીન્ટલ રૂા.૧૫૫૦/–(એક મણના રૂા.૩૧૦/–)

(૨) ડાંગર (ગ્રેડ–એ) પ્રતિ કવીન્ટલ રૂા.૧૫૯૦/–(એક મણના રૂા.૩૧૮/–)

(૩) મકાઈ પ્રતિ કવીન્ટલ રૂા.૧૪૨૫/–(એક મણના રૂા. ૨૮૫/–)

(૪) બાજરી પ્રતિ કવીન્ટલ રૂા.૧૪૨૫/–(એક મણના રૂા.૨૮૫/–)

# અનુક્રમણિકા


| અ.નં | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧. | ખરીફ માર્કેટીગ સીઝન– ૨૦૧૭–૧૮ ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદીની પધ્ધતિ | ૧ થી ૧૮ |
| ૨. | ખરીફ માર્કેટીગ સીઝન– ૨૦૧૭–૧૮ ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદીની તા.૯/૧૦/૧૭ ની સૂચનાઓ | ૧૯ થી ૨૦ |
| ૩. | ખરીફ માર્કેટીગ સીઝન– ૨૦૧૭–૧૮ ટેકાના ભાવે મકાઈ,બાજરીની ખરીદી અંગે સરકારશ્રીનો ઠરાવ તારીખઃ૭/૧૦/૨૦૧૭ | ૨૧ થી ૨૫ |
| ૪. | કેન્દ્ર સરકારશ્રીનો પ્રાઈસ પોલિસી ફોર ખરીફ માર્કેટીગ સીઝન– ૨૦૧૭–૧૮ અંગેનો તારીખ ૦૯/૦૬/૨૦૧૬ નો પરિપત્ર | ૨૬ થી ૨૮ |
| ૫. | રવિ માર્કેટીગ સીઝન–૨૦૧૧–૧૨ માં ટેકાના ભાવે ઘઉંની ખરીદી અંગેનો અ.ના.પુ અને ગ્રા.બા.ના વિભાગનો તારીખ ૨૩/૩/૨૦૧૧ ના પત્ર મુજબ અમલવારી | ૨૯ |
| ૬. | કેન્દ્ર સરકારનો બારદાન ઉપર કલર કોડીંગ અંગેનો તા.૦૨/૦૫/૨૦૧૬ નો પરિપત્ર ખરીફ માર્કેટીગ વર્ષ ૨૦૧૭–૧૮ | ૩૦ થી ૩૧ |
| ૭. | ગુજરાત રાજયમાં અંદાજીત ડાંગર, મકાઈ, બાજરીના વાવેતર તથા ઉત્પાદનની વિગત તથા YIELD દર્શાવતા પત્રક. | ૩૨ થી ૩૩ |
| ૮. | ડાંગર, મકાઈ અને બાજરાના ખરીદ કેન્દ્રોની યાદિ. | ૩૪ |
| ૯. | જીલ્લા કચેરીએ વડી કચેરીને મોકલવાનું દૈનિક પત્રક (પરિશિષ્ટ–૭(અ) અને પરિશિષ્ટ–૭(બ) | ૩૫ થી ૩૭ |
| ૧૦. | ખરીફ માર્કેટીગ સીઝન– ૨૦૧૭–૧૮ ના ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીના ખરીદીના ધારા–ધોરણ તથા ખરીદવામાં આવતાં જત્થાનું ગ્રેડીગ/ સંગ્રહ અને જાળવણી બાબતનો કયુ.સીશાખાનો પરિપત્ર તા. ૧૫/૧૦/૨૦૧૭ | ૩૮ થી ૫૮ |
| ૧૧. | ઈ–ધારા માંથી ખેડૂતોના વાવેતરના ૭–૧૨ અને ૮–અ ના ઉતારામા તલાટી–કમ–મંત્રીના પ્રમાણપત્ર મેળવવા બાબત. | ૫૯ |
| ૧૨. | નાણાં શાખા ધ્વારા ખેડૂતોને ચૂકવણાં માટે આપેલ સૂચનાનો તા.૨૭/૨/૨૦૧૨ નો પત્ર | ૬૦ થી ૬૯ |
| ૧૩. | ખેડૂતોને RTGS/NEFT થી બારોબાર તેઓના ખાતામાં ચૂકવણું કરવા બાબત તા.૧૭/૧૨/૨૦૧૬ નો પત્ર | ૭૦ |
| ૧૪. | ખેડૂત પાસેથી માંગવામાં આવતાં પુરાવા ૭/૧૨ તથા ૮/અ ના નમુના (પરિશિષ્ટ–૨) | ૭૧ થી ૭૨ |
| ૧૫. | ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો મળ્યા બદલની ખેડૂતને આપવા અંગેની પહોંચ (પરિશિષ્ટ.૩) | ૭૩ |

| | | |
|---|---|---|
| ૧૬. | ડાંગર, મકાઈ અને બાજરીના ટેકાના ભાવે ખરીદી અંગે ચૂકવણું કરવાનો નમુનો (પરિશિષ્ટ–૪) | ૭૪ |
| ૧૭. | ખરીદ કેન્દ્ર ખાતે નિભાવવા માટેનું ખરીદ/ ચૂકવણાં રજીસ્ટર (પરિશિષ્ટ.૫) | ૭૫ |
| ૧૮. | ગોડાઉન મેનેજર /ગ્રેડર ધ્વારા જિલ્લા કચેરીને મોકલવાનું પત્રક (પરિશિષ્ટ.૬) | ૭૬ |
| ૧૯. | ઓપેરટીવ હિસાબ (૫/બ) પત્રક (પરિશિષ્ટ.૮) | ૭૭ |
| ૨૦. | ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી અન્વયે જિલ્લા કચેરી ખાતે નિભાવવાના રજીસ્ટરનો નમુનો (પરિશિષ્ટ–૯) | ૭૮ |
| ૨૧. | ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી અન્વયે ખરીદ એજન્સીને કરેલ ચૂકવણાં અંગે નિભાવવાના થતાં રજીસ્ટરનો નમુનો (પરિશિષ્ટ–૯/અ) | ૭૯ |
| ૨૨. | ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી અન્વયે ખરીદ એજન્સીએ નિભાવવાના થતાં રજીસ્ટરનો નમુનો (પરિશિષ્ટ–૧૦) | ૮૦ |
| ૨૩. | ખેડૂતે ટેકાના ભાવે વેચેલ ડાંગર, મકાઈ અને બાજરીના નાણાં મળ્યા બદલની પહોંચનો નમુનો(પરિશિષ્ટ–૧૧) | ૮૧ |
| ૨૪. | ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી માટે છપાવવાના થતાં પેમ્ફલેટનો નમુનો (પરિશિષ્ટ–૧૨) | ૮૨ |
| ૨૫. | અસ્વીકૃત થયેલ જથ્થાની વિગત દર્શાવતાં રજીસ્ટરનો નમુનો (પરિશિષ્ટ–૧૩) | ૮૩ |
| ૨૬. | ખરીદી એજન્સીએ એગ્રીમેન્ટ કરવા અંગેનો નમુનો (પરિશિષ્ટ–૧૪) | ૮૪ થી ૯૯ |
| ૨૭. | રાજયમા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ફોન નંબર સહિતની યાદી | ૧૦૦ થી ૧૦૯ |
| ૨૭. | | |

FAX : 23222707 Phon : (079) 23221037, 23221038, 23220341 email: md-gscsc@gujarat.gov.in

# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)
CIN : U65910GJ1980SGC003957
WWW.GSCSCL.GUJARAT.GOV.IN
REGISTERED OFFICE:SECTOR-10/A, "CH" ROAD
NEAR NEW SACHIVALAYA,GANDHINAGAR-382043

નં.૨૧૧/એમએસપી/ડાંગર–મકાઈ–બાજરીટેકાના ભાવે/કેએમએસ/૨૦૧૭–૧૮ તા.૧૨/૧૦/૧૭

પ્રતિ,
૧. સીટી મેનેજરશ્રી, અમદાવાદ શહેર
૨. નાયબ જીલ્લા મેનેજરશ્રી (ગ્રેડ–૨),
ગુ.રા.ના.પુ.નિ.લિ.,
અમદાવાદ,(ગાંધીનગર),સાબરકાંઠા, (અરવલ્લી),મહેસાણા,
ખેડા, પાટણ,ભાવનગર, (બોટાદ),કચ્છ–ભુજ
આણંદ,પંચમહાલ, (મહિસાગર), દાહોદ,વડોદરા
(છોટાઉદેપુર), સુરત, તાપી, વલસાડ, નવસારી, બનાસકાંઠા

વિષયઃ– ખરીફ માર્કેટીંગ સીઝન–૨૦૧૭–૧૮ માટે લઘુતમ ટેકાના ભાવે ડાંગર,મકાઈ અને બાજરીની ખરીદી કરવા અંગે...

**સંદર્ભઃ–** અ.ના.પુ.અને ગ્રા.બા.ના વિભાગનો ઠરાવ ક્રમાંક/કેએમએસ/૧૪/૨૦૧૭/ જીઓઆઈ/૩૪૪/ક, તા.૭/૧૦/૨૦૧૭

રાજ્ય સરકાર ધ્વારા ખરીફ માર્કેટીંગ સીઝન–૨૦૧૭–૧૮ માં ડાંગર, મકાઈ અને બાજરીના ભાવ લઘુત્તમ ટેકાના ભાવથી નીચા જાય તો ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરાની ખરીદી કરવાનો નિર્ણય કરેલ છે. તદ્દઅનુસાર રાજ્યમાં ડાંગર, મકાઈ અને બાજરીનું ઉત્પાદન ધ્યાને લઈ ડાંગર, મકાઈ અને બાજરીની પ્રાપ્તિ કરવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.,ને " નોડલ એજન્સી તરીકે " નિયુક્ત કરેલ છે.(ઠરાવની નકલ સામેલ છે)

ખેતી નિયામકશ્રી પાસેથી ડાંગર, મકાઈ અને બાજરીના વાવેતર અને ઉત્પાદનના આંકડા ધ્યાને લઈ ડાંગર ૫૦૦૦ મે.ટન, મકાઈ ૨૦૦૦ મે.ટન અને બાજરા ૨૦૦૦ મે.ટનની પ્રાપ્તિનો અંદાજ મુકવામાં આવેલ છે.

ખરીફ માર્કેટીંગ સીઝન–૨૦૧૭–૧૮ અન્વયે લઘુત્તમ ટેકાના ભાવ ડાંગર પ્રતિ ક્વિન્ટલ રૂા.૧૫૫૦/– ડાંગર(ગ્રેડ.એ) રૂા.૧૫૯૦/– પ્રતિ કવીન્ટલના તેમજ મકાઈ રૂા.૧૪૨૫/– પ્રતિ ક્વિન્ટલ અને બાજરી રૂા.૧૪૨૫/– પ્રતિ ક્વિન્ટલના ભાવે પ્રાપ્તિની કામગીરી તારીખ ૧૬/૧૦/૨૦૧૭ થી તા.૩૦/૧૨/૨૦૧૭ સુધી કરવાની રહેશે. જે અગેનું જરૂરી તમામ આયોજન હાથ ધરવા અંગેનું વિગતવાર માર્ગદર્શન નીચે મુજબ છે.

**(૧) ખેડૂતોની નોંધણી/ઓનલાઈન રજીસ્ટ્રેશનઃ–**

રાજ્ય સરકાર ધ્વારા e-PDS (Public Distribution System) પોર્ટલ ના Procurement menu માં લઘુતમ ટેકાના ભાવે કે.એમ.એસ–૨૦૧૭–૧૮ અંતર્ગત પ્રાપ્ત કરવામાં આવનાર ડાંગર,

મકાઈ અને બાજરીના જથ્થા માટે ખેડૂતોની આગોતરી નોંધણી/ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજિયાત કરવામાં આવેલ છે. (જેના નિયત નમૂના ના ફોર્મની વિગતો અન્વયે ખેડૂત ખાતેદાર નો આધાર નંબર મેળવવાનો આગ્રહ રાખવામાં આવેલ છે,) જેથી એ પ્રમાણે e-Procurement હેઠળ નિયત નમૂનામાં નોંધણી કરાવી જથ્થાની પ્રાપ્તિ કરવાની તમામ પ્રકારની કાર્યવાહી આ પોર્ટલ ના Procurement menu મારફતે જ કરવાની રહેશે. રોજે રોજ પ્રાપ્ત થતા અનાજ ના જથ્થાની વિગતો તેમજ એપીએમસી ખાતે માર્કેટ યાર્ડમાં થતી જન્સીવાર આવકો અને જન્સીવાર લઘુતમ અને મહતમ હરાજીના ભાવો પ્રતિ કિવન્ટલ દર્શાવવાના રહેશે. જથ્થાની એફએકયુ ગુણવત્તા ન હોવાને કારણે એપીએમસી /માર્કેટ યાર્ડ ખાતે ટેકાના ભાવ (એમએસપી) કરતાં ઓછા ભાવ હરાજીમાં બોલાતા હોય ત્યારે આ પ્રકારના જથ્થાના નમૂના મેળવી ખેડૂતોના નામ સરનામા સાથે ગ્રેડીંગ કરી તેનો ગુણવત્તા અહેવાલ જીલ્લા કચેરીને રજુ કરી તેની નકલ વડી કચેરીને મોકલી આપવાની રહેશે.

**(૨) ખરીદી કેન્દ્રોની સ્થાપના:-**

રાજયના જે જિલ્લામાં ડાંગર, મકાઈ અને બાજરીનું ઉત્પાદન થતું હોય તેવા જિલ્લાના નિગમના/ ભાડે રાખેલ ગોડાઉન કેન્દ્રો તથા જે તે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી માટેના કેન્દ્રો ઉભા કરવાના રહેશે. ખેડુત ધ્વારા જે જથ્થો ખરીદ કેન્દ્ર ખાતે વેચવા માટે લાવવામાં આવે ત્યારે રાજય સરકારશ્રી ધ્વારા નિયત કરેલ રેકર્ડ અને ખેડૂતપોથી સાથે લાવે તે જથ્થાની ખરીદી કરવાની રહેશે તથા જે ખેડૂતનો જથ્થો ખરીદવામાં આવેલ હોય તે અંગેની ખેડૂતપોથીમાં જે તે ખરીદ કેન્દ્ર ખાતે આવેલ ગ્રેડર / ગોડાઉન મેનેજરશ્રી/એજન્સીએ સહી સિક્કા કરી નોંધ કરવાની રહેશે. નિગમ ધ્વારા જાહેર કરેલા ખરીદ કેન્દ્રોની યાદી (પરિશિષ્ટ–૧ મુજબ) આ સાથે સામેલ રાખેલ છે.

વધુમાં સ્થાનિક કક્ષાએ વધારાના ખરીદ કેન્દ્રો ખોલવાની જરુરીયાત હોય તો જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સાથે પરામર્શ કરી તેઓના માર્ગદર્શન અનુસાર ખરીદ કેન્દ્ર શરુ કરી તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

આપના જિલ્લાની તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ / મંડી કે જયાં ડાંગર, મકાઈ અને બાજરીની હરાજી તેમજ જથ્થાનું ખરીદ વેચાણ થતું હોય ત્યાં આપના જિલ્લાના પ્રતિનિધિ અચૂક હાજર રહે અને માર્કેટયાર્ડમાં જો ડાંગર, મકાઈ અને બાજરીના ભાવ ટેકાના ભાવથી નીચા જાય તો ખેડૂતોને ટેકાના ભાવે રાજય સરકાર ધ્વારા ડાંગર, મકાઈ અને બાજરીના જથ્થાની ખરીદી કરવામાં આવી રહેલ છે તે અંગે સમજૂત કરી જથ્થાની ખરીદી કરવાની રહેશે. વધુમાં આપના જિલ્લાના પ્રતિનિધિ સંબંધિત એ.પી.એમ.સીમાં હરાજી વખતે હાજર રહેલ છે તે અંગેનું પ્રમાણપત્ર તથા રોજેરોજ એ.પી.એમ.સીના ડાંગર, મકાઈ અને બાજરીના લઘુત્તમ અને મહત્તમ મંડીના ભાવો અને કેટલા જથ્થાની આવક થયેલ છે વિગેરેની વિગતો વડીકચેરીને રોજેરોજ મોકલવાની રહેશે.

(૩) ટેકાના ભાવો:-

ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ વિભાગના પત્રક્રમાંક:૪(૩)/૨૦૧૬– Py.1 તારીખ જુન/૨૦૧૭ અન્વયે ખરીફ સીઝન– ૨૦૧૭–૧૮ માટે ડાંગર (કોમન) રુા.૧૫૫૦/ પ્રતિ કવીન્ટલ, ડાંગર(ગ્રેડ.એ) રુા.૧૫૯૦/ પ્રતિ કવીન્ટલ, મકાઈ રૂા.૧૪૨૫/– પ્રતિ કિવન્ટલ અને બાજરી

રૂા.૧૪૨૫/– પ્રતિ ક્વિન્ટલ નિયત કરવામાં આવેલ છે તે મુજબ યુનિફોર્મ સ્પેશીફિકેશન હેઠળ આવતા ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો ટેકાના ભાવે ખરીદી માત્ર ગુજરાત રાજયના ખેડૂત પાસેથી ગુજરાતમાં ઉત્પાદિત ડાંગર, મકાઈ અને બાજરીની કરવાની રહેશે.

(૪) દરેક ખરીદ કેન્દ્ર ખાતે રાજય સરકાર ધ્વારા ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી કરવામાં આવી રહેલ છે તે અંગેનું બેનર લગાવવાનું રહેશે. જેમાં લઘુત્તમ ટેકાના ભાવો યુનિફોર્મ સ્પેશીફિકેશન/ એફ.એ.કયુ (FAIR AVERAGE QUALITY)/ સામાન્ય ગુણવત્તા ધરાવતો ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો ખરીદવામાં આવશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. ખરીદ કેન્દ્ર ખાતે ટેકાના ભાવ કરતાં નીચા ભાવે વેચાણ થવાના કિસ્સામાં ખેડૂતોને રાજય સરકાર ધ્વારા ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહેલ છે તે બાબતની જાણકારી /સમજ આપી એફ.એ.કયુ કવોલીટીનો ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો ખરીદવાની કાર્યવાહી કરવાની રહેશે.

## (ખાસ તકેદારી )

**જે કિસ્સામાં ખેડૂતનો જથ્થો એફ.એ.કયુ કવોલીટીનો ન હોય અને આવો જથ્થો ટેકાના ભાવે ખરીદી શકાય તેમ ન હોય તો તે જથ્થાનું સેમ્પલ લઈ, આ જથ્થો કયા કારણથી ખરીદી શકાય તેમ નથી તેની નોંધ પ્રમાણે રાખવાની રહેશે. આવા નમુના પણ અન્ય સૂચના ના મળે ત્યાં સુધી જે તે ખરીદ કેન્દ્ર / એજન્સી ખાતે યોગ્ય રીતે જાળવણી કરી સાચવવાના રહેશે તથા ખરીદીની કામગીરી પૂર્ણ થયેથી ખરીદી અંગેના જરુરી રજીસ્ટરો/ તમામ રેકર્ડ જિલ્લા કચેરી ખાતે યોગ્ય રીતે સાચવી રાખવાના રહેશે.**

(૫) રાજયના ખેડૂતોને ટેકાના ભાવ ડાંગર(કોમન) રુા.૧૫૫૦/ પ્રતિ ક્વિન્ટલ તથા ડાંગર(ગ્રેડ.એ) રુા.૧૫૯૦/ પ્રતિ કવીન્ટલ, મકાઈ રૂા.૧૪૨૫/– પ્રતિ ક્વિન્ટલ અને બાજરી રૂા.૧૪૨૫/– પ્રતિ ક્વિન્ટલ મુજબનો જથ્થો ખરીદવામાં આવી રહેલ છે તે બાબતે પૂરતી જાણકારી મળી રહે તે માટે બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે તેમજ ખેડૂતોને તેઓનો જથ્થો સાફસૂફ કરી જરુર જણાયે ચારણો કરી તેમજ તેમાં ભેજનું પ્રમાણ નિયત મર્યાદામાં રહે તે માટે જરુર જણાયે ડાંગર, મકાઈ અને બાજરી તડકામાં સૂકવી વેચાણ માટે લાવવા જણાવવાનું રહેશે કે જેથી તેઓનો જથ્થો અસ્વિકૃત ન થાય.

લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી ખરેખર ખેડૂતો પાસેથી ચાલુ સીઝનના ઉત્પાદન પૈકી જ કરવાની છે.કોઈ **વેપારી કે દલાલો પાસેથી નહી.**આ ખરીદી સમયે ખેડૂતો પાસેથી ૭/૧૨ તથા ૮/અ ના વર્ષ ૨૦૧૭–૧૮ ના ઉતારાની નકલ મેળવવાની રહેશે. ખેડૂતો ધ્વારા તેમનો જથ્થો વેચાણ માટે લાવતી વખતે ઉપર જણાવેલા દસ્તાવેજ લઈને આવે તે અંગેની પ્રસિધ્ધિ કરવાની રહેશે.

<u>કૃષિ નિયામકશ્રી ધ્વારા ગત ૨ વર્ષના સરેરાશ હેકટરદીઠ ઉત્પાદનના આંકડા જાહેર કરેલ છે તે મુજબ ખેડૂત પાસેના ૭/૧૨ અને ૮/અ ના ઉતારામાં હેકટરદીઠ વાવેતરનો પુરાવો ધ્યાને લઈ જથ્થો ખરીદ કરવાનો રહેશે.</u> (નાયબ નિયામકશ્રી, કૃષિ,ગુજરાત રાજય, ગાંધીનગરના ડાંગર, મકાઈ અને બાજરાના વાવેતર અંગેના અગાઉના વર્ષ ૨૦૧૬–૧૭ તેમજ વર્ષ ૨૦૧૭–૧૮ ના એડવાન્સ રીપોર્ટની નકલ સામેલ રાખેલ છે) તે અનુસાર ખેડૂતો પાસેથી જથ્થો ખરીદવામાં આવે ત્યારે તે અંગેની નોંધ ખેડૂતપોથીમાં કરવાની રહેશે તેમજ રોજેરોજ ખરીદેલ જથ્થાની વિગતો રાજય સરકારને ઉપલબ્ધ કરવાની રહેશે.

(૯) ગુજરાત સરકારશ્રીએ કરેલ ઠરાવની જોગવાઈ અનુસાર જરૂર જણાયે ખરીદ એજન્સીની નિમણૂંક કરી શકાશે. સામાન્ય રીતે ખરીદ એજન્સી તરીકે જિલ્લા ખરીદ વેચાણ સંઘ, તાલુકા ખરીદ વેચાણ સંઘ અથવા તો નામાંકિત સહકારી સંસ્થાને નિમણૂંક આપી શકાશે. ખેડૂતોને વેંચાણ અર્થે વધુ દૂર ન જવુ પડે તે હેતુથી પ્રાયમરી એગ્રી. કો–ઓપરેટીવ સંસ્થાઓને પણ સાંકળીને ખરીદીની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. આ નિમણૂંકની સત્તા જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં નિમવામાં આવેલ સમિતિની રહેશે.ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદીમાં કામ કરતી સંસ્થા પાસેથી કોઈ ડીપોઝીટ લેવાની રહેશે નહી.

જે તે જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં નિમાયેલ સમિતિ ધ્વારા જરૂર જણાયે નિમણૂંક કરેલ દરેક એજન્સીને આ કામગીરી માટે ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ વિભાગના પત્રક્રમાંક નં.૧૯૨(૪)/ ૨૦૦૩/ એફસી/ એસીએસ/ વોલ્યુમ–II, તારીખ ૨૬/૭/૨૦૧૩ અન્વયે કમિશન પેટે ડાંગર, મકાઈ અને બાજરી (કોમન) માટે રૂા.૩૧.૨૫/ અને ડાંગર, મકાઈ અને બાજરી(ગ્રેડ.એ) માટે રૂા.૩૨/ પ્રતિ કિવન્ટલ લેખે કમિશન ચુકવવાનું રહેશે. એજન્સી ધ્વારા સ્થાનિક કક્ષાએ થતી મજૂરીની કામગીરી જેવી કે, ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો ખેડૂતના વાહનમાંથી ઉતારવો,તેની સમભરતી કરવી, બારદાન ઉપર મશીન સિલાઈ કરવી,સુતળીનો ખર્ચ તેની ઉપર નિયત કરેલ સ્ટેનસીલ લગાવવાની કામગીરી, જથ્થાના સ્ટેકીંગની કામગીરી, નિગમના વાહનમાં જથ્થો ભરી આપવા અંગેની કામગીરી, ગ્રેડર/થર્ડ પાર્ટી ગુણવત્તા ચકાસણી કરતી પાર્ટીને ચુકવવાપાત્ર થતી રકમ, બેનર બનાવવા તથા જાહેર સ્થળે લોકોને સહેલાઈથી નજરમાં પડે તે રીતે મુકવા વિગેરે કામગીરી સુધીનો ખર્ચ ખરીદ એજન્સીએ ભોગવવાનો રહેશે આ તમામ કામગીરી અંગે જે કોઈ ખર્ચ થશે તે પેટે ભારત સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૬–૧૭ માટે પત્રક્રમાંક/ ૧૯૨(૨૬)/ ૨૦૧૬/એફ.સી.એકાઉન્ટ /એસી, તારીખ ૦૫/૧૦/૨૦૧૬ અન્વયે પ્રોવીઝનલી મંજૂર કરેલ મજૂરી ખર્ચ રૂા.૮.૭૫ પૈસા પ્રતિ કિવન્ટલમાંથી ૧૦% ટકા રકમ બાદ કરી લેબર ચાર્જીસ પેટે રજૂ કરેલ બિલની સામે વધુમાં વધુ પ્રતિ કિવન્ટલ રૂા. ૭.૮૭ લેખે લેબરની ચૂકવણી નિગમની જે તે જિલ્લા કચેરી ધ્વારા ખરીદ એજન્સીને કરવામાં આવશે.

આ અંગે વર્ષ ૨૦૧૭–૧૮ માટે કેન્દ્ર સરકારને ઈકોનીમીક કોસ્ટની મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ છે તે મંજૂર થઈ આવ્યેથી રજૂ કરેલ મજૂરી બિલ અથવા મહત્તમ આપવાપાત્ર રકમ પૈકી જે રકમ ઓછી હોય તે રકમનું ચૂકવણું કરવાનું રહેશે.

ખરીદી અંગેની સાધન સામગ્રી જેવી કે, વજન કાંટા, વજનીયા, નિયત રંગની સૂતળી વગેરેની વ્યવસ્થા જે તે ખરીદ એજન્સીએ કરવાની રહેશે.

જિલ્લા સમિતિ ધ્વારા નિયુકત કરવામાં આવેલી એજન્સી ધ્વારા જરુરિયાત મુજબના મજુરોની વ્યવસ્થા સંબંધિત ખરીદ એજન્સીએ કરવાની રહેશે.

ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદીની કામગીરી માટે આપના જિલ્લામાં સૂચિત ખરીદ કેન્દ્રો શરુ કરવાના રહેશે તેમજ ખરીદવામાં આવેલ ડાંગર, મકાઈ અને બાજરીના જથ્થાના સંગ્રહ માટે નિગમ પાસે ઉપલબ્ધ સંગ્રહ વ્યવસ્થાનો ઉપયોગ કર્યા બાદ વધુ સંગ્રહ માટે વ્યવસ્થાની જરુર જણાય તો સેન્ટ્લ વેરહાઉસીંગ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ વેરહાઉસીગ કોર્પોરેશન, ભારતીય ખાધ્ય નિગમ પાસેથી ઉપલબ્ધ સંગ્રહશકિતનો ઉપયોગ કરવાનો રહેશે, આમ છતાં સ્થાનિક જરુરીયાતને લક્ષમાં લઈ જરુર જણાયે અન્ય સહકારી / ખાનગી સંસ્થાઓ પાસે સંગ્રહશકિત ઉપલબ્ધ હોય તો તેનો ઉપયોગ વડીકચેરીના માર્ગદર્શન હેઠળ કરવાનો રહેશે.

(૭) **ટેકાના ભાવે ખરીદીની પધ્ધતિ:**

ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી કેન્દ્રીયકૃત ખરીદીના ભાગરૂપે રાજય સરકારશ્રીની સૂચનાનુસાર ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ ધ્વારા કરવામાં આવશે. ગુ.રા.ના.પુ.નિ.લિ., ધ્વારા જે તે જિલ્લાના તાલુકા/નિગમના ગોડાઉનને ખરીદ કેન્દ્ર તરીકે જાહેર કરેલ છે. તેની યાદી સામેલ રાખેલ છે.(પરિશિષ્ટ-૧) સંબંધિત ખેડૂત ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો નિગમના ગોડાઉન કેન્દ્ર ખાતે વેચાણ માટે લાવશે અથવા નિગમના અધિકૃત ગ્રેડર ધ્વારા સંબંધિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરી,પ્રાપ્ત થયેલ જથ્થો નિગમના નિયત ગોડાઉન ઉપર મોકલાવશે. આ જથ્થો વેચનાર ખેડૂત જ છે તેમજ તે તેનાં ઉત્પાદન પૈકી આ જથ્થો વેચવા માટે લાવેલ છે તેની ખાત્રી ૭/૧૨ તેમજ ૮/અ ના ઉતારાની નકલ ધ્યાને લઈ કરવાની રહેશે અને તેની નકલ તેમની પાસે મેળવી જથ્થો યુનિફોર્મ સ્પેશીફિકેશન / એફ.એ.કયુ ( ફેર એવરેજ કવોલીટી) માં આવતો હોય તો સ્વીકારવામાં આવશે અને ખેડૂત પાસેથી જેટલો જથ્થો સ્વીકારવામાં આવ્યો હોય તે અંગેની જરુરી નોંધ કરી ગ્રેડર/ગોડાઉન મેનેજર/એજન્સી ધ્વારા ખેડૂતપોથીમાં સહીસિકકા કરી આપવાના રહેશે.

ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી માત્ર ગુજરાત રાજયના ખેડૂતો પાસેથી ગુજરાતમાં ઉત્પાદિત ડાંગર, મકાઈ અને બાજરીની જ કરવાની રહેશે.

ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી શરુ થાય ત્યારે તબકકાવાર નીચેની વિગતે તેનાં એક- એક પોસ્ટકાર્ડ સાઈઝના ફોટોગ્રાફ લઈ તેની એક-એક નકલ આપના રેકર્ડમાં ઉપલબ્ધ રાખવાની રહેશે.

(અ) સંબંધિત એ.પી.એમ.સીના નામ સહિત તે એ.પી.એમ.સીમાં લગાડવામાં આવેલ બેનરની વિગત દર્શાવતો ફોટોગ્રાફ

(બ) ખેડૂત ધ્વારા જથ્થો ઓફર થયેથી ખેડૂતની હાજરીમાં નિગમના ગ્રેડર તથા ખરીદ એજન્સીના પ્રતિનિધિ ધ્વારા તેમાંથી પધ્ધતિસર લેવામાં આવતા નમુનાની પ્રક્રિયાને આવરી લેતાં ફોટોગ્રાફ

(ક) જથ્થો સ્વીકૃત થયેથી તેનું ૩૫ કિલોગ્રામની ગુણીઓમાં સમભરતી કરવાની પ્રક્રિયા દર્શાવતા ફોટોગ્રાફ

(ડ) આ ગુણીઓ ઉપર લગાવેલ સ્ટેન્સીલ સ્પષ્ટ રીતે વંચાય તે રીતે લગાડેલ સ્ટેન્સીલ દર્શાવતા ફોટોગ્રાફ

નીચેની વિગતો તપાસણી કરી જથ્થો સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે.

- ૭/૧૨ તથા ૮/અ ના ઉતારા વર્ષ ૨૦૧૭-૧૮ ના હોવા જોઈએ (નમુનો આપેલ છે.)(પરિશિષ્ટ-૨ મુજબ)
- ૭/૧૨ તથા ૮/અ માં ડાંગર, મકાઈ અને બાજરીના કેટલા હેકટર/એકરમાં વાવેતર થયેલ છે. તે જોવાનું રહેશે.
- કૃષિ નિયામકશ્રી ધ્વારા જિલ્લાવાર ગત ૨ વર્ષના સરેરાશ હેકટરદીઠ ઉત્પાદનના આંકડા જાહેર કરેલ છે તે મુજબ ખેડૂત પાસેના ૭/૧૨ અને ૮/અ ના ઉતારામાં હેકટરદીઠ વાવેતરનો પુરાવો ધ્યાને લઈ જથ્થો ખરીદ કરવાનો રહેશે.(નાયબ નિયામકશ્રી,કૃષિ, ગુજરાત રાજય, ગાંધીનગરના ડાંગર, મકાઈ અને બાજરી ના વાવેતર અંગેના અગાઉના વર્ષ ૨૦૧૬-૧૭ તેમજ ૨૦૧૭-૧૮ –

ના એડવાન્સ અંદાજ ના રીપોર્ટની નકલ આ સાથે સામેલ રાખેલ છે તે અનુસાર ખેડૂતો પાસેથી જયારે જથ્થો ખરીદવામાં આવે ત્યારે તે અંગેની નોંધ ખેડૂતપોથીમાં કરવાની રહેશે

- કોઈપણ સંજોગોમાં ખેડૂત સિવાય અન્ય વ્યકિત, વેપારી, સંસ્થા કે દલાલ(આડતીયા) પાસેથી જથ્થો સ્વીકારાય નહીં તેની ખાસ કાળજી રાખવાની રહેશે. જે તે ખેડૂતનો જથ્થો ખરીદવામાં આવેલ હોય તે અંગેના ૭/૧૨ અને ૮/અ ના ઉતારાના રેકર્ડ મેળવી જથ્થાની ખરીદી કરવાની રહેશે.આ અંગે કોઈ ચૂક થશે તો ગ્રેડર/ગોડાઉન મેનેજર/એજન્સીની જવાબદારી રહેશે.કોઈ કિસ્સામાં ૭/૧૨ તથા ૮/અ ની બાબતમાં મુશ્કેલી જણાય તો વિભાગના તારીખ ૨૩/૩/૨૦૧૧ ના પત્રક્રમાંકઃસીએસસી/૧૦/૨૦૧૦/૧૪૩/ક.૧ ના પત્ર અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. પત્રની નકલ સામેલ છે.

  જે ખેડૂતનો જથ્થો સ્વીકારવામાં આવ્યો હોય તે ખેડૂતપોથીમાં જે પાના ઉપર નોંધ કરવા જેટલી જગ્યા હોય તે પાના ઉપર કેટલો જથ્થો સ્વીકારવામાં આવ્યો છે તેની નોંધ કરવાની રહેશે. ખેડૂતપોથીમાં નિગમના અધિકૃત ગ્રેડર/ ગોડાઉન મેનેજર / નિયુકત થયેલ એજન્સીએ સહી સીકકા કરી આપવાના રહેશે.

- જો કોઈ કિસ્સામાં ખેડૂત ધ્વારા તેઓનો જથ્થો એ.પી.એમ.સી ખાતે સ્વીકારવા અંગે આગ્રહ રાખવામાં આવે તો આવો જથ્થો એ.પી.એમ.સી ખાતે સ્વીકારવાનો રહેશે અને તેનો કામચલાઉ સંગ્રહ એ.પી.એમ.સી ખાતે કરવા માટે એ.પી.એમ.સીના અધિકારીશ્રીઓ સાથે પરામર્શ કરી ખરીદ કરેલ જથ્થાના સંગ્રહ અંગેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ૧૦ ટન કે તેથી વધારે જથ્થો ઉપલબ્ધ થાય કે તુર્તજ આવો જથ્થો જે તે દિવસે સાંજે નિગમના નિયત થયેલ ગોડાઉન ખાતે, નિગમના નિયત કરેલ પરિવહન ઈજારદાર મારફત ખેડૂતવારના પૃથ્થકરણ રીપોર્ટ સાથે અચૂક પહોંચાડવાનો રહેશે.સંબંધિત ગોડાઉન મેનેજરશ્રીએ પૃથ્થકરણ રીપોર્ટમાં યુનિફોર્મ સ્પેશીફિકેશન મુજબ પાસ થયેલ હોય તેવો અને આવક થયેલ જથ્થાને રીપોર્ટ સાથે જ સ્વીકારવાનો રહેશે.

- જથ્થો જે તે ખરીદ કેન્દ્ર ખાતેથી સીધો અન્ય ગોડાઉન / જિલ્લામાં ટ્રાન્સફર કરવાના સંજોગોમાં જરુરી નોંધ /રેકર્ડ પૃથ્થકરણ રીપોર્ટ વિગેરે સંબંધિત જે તે ખરીદ કેન્દ્રના ગોડાઉન કેન્દ્ર ખાતે રાખવાના રહેશે અને ત્યારબાદ જ ખરીદ કરેલ જથ્થો નિયમઅનુસાર અન્ય જગ્યાએ ટ્રાન્સફર કરવાનો રહેશે.

**(૮) ગુણવત્તા ચકાસણી /સંગ્રહ અને જાળવણી બાબત.:**

ડાંગર, મકાઈ અને બાજરીની ગુણવત્તા ચકાસણી અંગે કયુ.સી શાખા ધ્વારા ખરીફ માર્કેટીગ–૨૦૧૭–૧૮ ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદીના ધારા–ધોરણ તથા ખરીદવામાં આવતાં જથ્થાનું ગ્રેડીગ,સંગ્રહ અને જાળવણી બાબતનો પરિપત્રઃનાપુનિ/૧૬૧/ કયુ.સી/ / કેએમએસ / ડાંગર, મકાઈ અને બાજરી/ટેકાનાભાવે પ્રાપ્તિ //૨૦૧૭–૧૮/ તારીખઃ૧૧/૧૦/૧૭થી બહાર પાડવામાં આવેલ પરિપત્ર અનુસાર કામગીરી કરવાનીરહેશે.

લઘુત્તમ ટેકાના ભાવે ખરીદ કરેલ ડાંગર, મકાઈ અને બાજરીના જથ્થાની ગુણી / જયુટ બારદાન ઉપર ખરીદ કરનાર સંસ્થાનું નામ તથા સરનામુ વિગેરેની વિગત નીચેના નમુનામાં બ્લુ રંગથી ફરજીયાત સ્ટેન્સીલ લગાવવાનું રહેશે.

| | | | |
|---|---|---|---|
| ખરીદ કેન્દ્ર અને જિલ્લાનું નામઃ | | | |
| ખરીદ એજન્સીનું પુરું નામઃ | | | |
| જણસી | ડાંગર | મકાઈ | બાજરી |
| નેટ વજન | ૩૫ કિલોગ્રામ | ૫૦ કિલોગ્રામ | ૫૦ કિલોગ્રામ |
| ખરીફ માર્કેટીંગ સીઝન | ૨૦૧૭–૧૮ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૭–૧૮ |

ટેકાના ભાવે ખરીદ કરેલ ડાંગર, મકાઈ અને બાજરીની ગુણવત્તા તેમજ અન્ય બાબતોની ચકાસણી કેન્દ્ર સરકાર,રાજય સરકાર તેમજ નિગમની વડીકચેરી ધ્વારા સમયાંતરે કરવામાં આવશે. આ દરમ્યાન જથ્થો હલકી ગુણવત્તા તથા ઓછા વજનમાં જણાશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે ખરીદ એજન્સી/ નિયુકત કરેલ જે તે ગ્રેડરની રહેશે.

જે કિસ્સામાં ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરાની ખરીદી જિલ્લા સમિતિ ધ્વારા નિયુકત એજન્સી ધ્વારા માર્કેટ યાર્ડમાંથી કરવામાં આવશે તે કિસ્સામાં નિગમ ધ્વારા દરેક માર્કેટ યાર્ડમાં નિગમના અધિકૃત ગ્રેડર / થર્ડ પાર્ટી ધ્વારા ગુણવત્તા ચકાસણી તથા બેગીંગ વિગેરેની કાર્યવાહી કરશે. તે દરમયાન યુનિફોર્મ સ્પેશીફિકેશનમાં આવતો હોય તેવો જથ્થો સ્વીકારી શકાશે તે સિવાયનો ડાંગર, મકાઈ અને બાજરાનો જથ્થો સ્વીકારી શકાશે નહી. ખરીદ કેન્દ્ર ખાતે ડાંગર, મકાઈ અને બાજરીની પ્રાપ્તિ વખતે નિગમના અધિકૃત ગ્રેડર /થર્ડ પાર્ટીના પૃથ્થકરણ રીપોર્ટ સાથે નિગમના નિયત સંગ્રહ સ્થાને જિલ્લાના માન્ય પરિવહન ઈજારદાર ધ્વારા જથ્થો મોકલાવેલ હોય ત્યારે તે જથ્થો પૂરતાં વજનમાં અને ગુણવત્તાની પૂરતી ચકાસણી કર્યા પછી જ તે જથ્થો ગ્રેડીગ રીપોર્ટ સાથે ગોડાઉન મેનેજરશ્રીએ સ્વીકારવાનો રહેશે.નિગમના ગુણવત્તા ચકાસણીના પ્રતિનિધિ ધ્વારા કરેલ ગુણવત્તા ચકાસણી આખરી ગણવામાં આવશે.

જે તે ખરીદ કેન્દ્ર / એજન્સી ધ્વારા જથ્થો ખરીદ કરી નિગમના ગોડાઉન ઉપર પહોંચતો કરવામાં આવે ત્યારે તેની સાથે ખરીદ કરેલ ડાંગર, મકાઈ અને બાજરીના જથ્થા અંગેનો ગ્રેડીંગ / પૃથ્થકરણ રીપોર્ટની એક નકલ ગોડાઉન મેનેજરશ્રીને ફરજીયાત મોકલવાની રહેશે ત્યારબાદ જ ગોડાઉન મેનેજરશ્રી ધ્વારા આવક થયેલ તે જથ્થો યોગ્ય જણાય તો જ વાહનમાંથી ઉતારી સ્વીકારવાનો રહેશે. આવા સ્વીકારેલ જથ્થા અંગેના પૃથ્થકરણ અહેવાલની નકલ પણ યોગ્ય રીતે ગોડાઉન ઉપર ફરજીયાત નિભાવવાની રહેશે. (દા.ત પાંચ કે છ ખેડૂતનો ખરીદ કરેલ જથ્થો એક ટ્રકમાં ૧૦ મે.ટન જેટલો ભરી નિગમના ગોડાઉન ઉપર સંગ્રહ માટે મોકલવામાં આવે ત્યારે ટ્રકમાં ભરેલ સમગ્ર જથ્થાનો ગ્રેડીંગ / પૃથ્થકરણ રીપોર્ટ ખેડૂતવારની એક નકલ ગોડાઉન મેનેજરશ્રીને ફરજીયાત મોકલવાની રહેશે.)

એજન્સી ધ્વારા સમભરતી કરેલ ડાંગર, મકાઈ અને બાજરીના બારદાન ઉપર ઓછામાં ઓછા ૧૦ ટાંકા લગાવવાના રહેશે /મશીન સિલાઈ કરવાની રહેશે. તેથી ઓછા ટાંકા લગાવાયેલા હશે અથવા તો ખામી ભરેલું સ્ટેનસીલ લાગેલું હશે તો ૫૦ કિલોના પ્રતિ કટ્ટા દીઠ રૂ.૧ પ્રમાણે કપાત કરવામાં આવશે તથા જે કટ્ટા / ૫૦ કિલો બારદાન ઉપર ઓછા ટાંકા લગાવેલા હોય તો તેવા કટ્ટાનું ફરીથી પૂરતાં ટાંકા જે તે ખરીદ એજન્સીએ લગાવવાના રહેશે. વધુમાં આવા કટ્ટા ઉપર યોગ્ય રીતે સ્ટેનસીલ લગાવવામાં આવેલ નહી હોય તો તે કામગીરી પણ તેમની પાસે પૂર્ણ કરાવ્યા પછી જ બિલના ચૂકવણાંની દરખાસ્ત ગોડાઉન મેનેજરશ્રીએ કરવાની રહેશે

(૯) **અન્ય આનુસાંગિક ખર્ચ:**

ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી નિગમના ગોડાઉન કેન્દ્ર/અન્ય ખરીદ કેન્દ્ર ખાતે કરવાની થાય ત્યારે આવું ખરીદ કેન્દ્ર જે ગોડાઉન સાથે જોડાયેલ હોય તે નિગમના ગોડાઉનના નિયત લેબર કોન્ટ્રાકટર મારફતે કરવાની રહે છે. ખેડૂત ધ્વારા ઓફર કરવામાં આવેલ ડાંગર, મકાઈ અને બાજરીના જથ્થાનો સ્વીકાર કરતી વખતે ભરાઈ/સિલાઈ/સ્ટેકીગ/ સમભરતી વિગરે તમામ કામગીરી જે તે ગોડાઉન કેન્દ્રના માન્ય લેબર કોન્ટ્રાકટર મારફત કરાવવાની રહેશે તેમજ આ અંગે જથ્થો અલગ સ્ટેકમાં સંગ્રહ કરી તેની નોંધ રાખવાની રહેશે અને આ માટે નિયત થયેલ દર મુજબ લેબર કોન્ટ્રાકટરને ચુકવણું કરવાનું રહેશે. લેબર બીલ રજુ કરવાની હાલની પ્રથા મુજબ તેનું ચુકવણું કરવાનું રહેશે. આ અંગે થયેલ તમામ ખર્ચની વિગતો અલગ રીતે ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદીના હેડ હેઠળ અલગ હિસાબો બનાવી એમ.એસ.પી શાખામાં જન્સીવાર બતાવવાના રહેશે.

જો ખરીદીની કામગીરી સ્થાનિક સહકારી સંસ્થાને સોંપવામાં આવેલ હોય તો કરારની જોગવાઈ અનુસાર ભરાઈ / સમભરતી / સિલાઈ /સુતળી /સ્ટેકીંગ/ સ્ટેનસીલ/ ગ્રેડર /થર્ડ પાર્ટી ગુણવત્તા ચકાસણીનો ચાર્જ તથા તે સિવાયનો અન્ય થયેલ ખર્ચ ઉપરાંત નીચે જણાવ્યા મુજબની વિગતે થતો ખર્ચ એજન્સી ધ્વારા ભોગવવાનો રહેશે.

(અ) એ.પી.એમ.સીમાં જથ્થો ખરીદ કર્યા બાદ એ.પી.એમ.સીમાં જ સ્થાનિક પરિવહન કરવામાં આવે તો આ પરિવહન ખર્ચ તથા તેનો સ્ટેક કરવા માટેની મજૂરીનો તમામ ખર્ચ.

(બ) એ.પી.એમ.સી ખાતે કાર્યરત એજન્સી ધ્વારા સ્વીકારવામાં આવેલ ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો જો ખેડૂત ધ્વારા સીધો નિગમના ગોડાઉન ખાતે કોઈપણ જાતના વધારાના પરિવહન ખર્ચ સિવાય પહોંચાડવામાં આવે તો તેવા કિસ્સામાં ખેડૂતના વાહનમાંથી જથ્થો ઉતારી તેની સમભરતી કરી નિગમના ગોડાઉનમાં સ્ટેકીંગ કરવા સુધીનો મજૂરી ખર્ચ.

(ક) ગ્રામ્ય કક્ષાએ નિમણૂંક કરવામાં આવેલ સેવા સહકારી મંડળી ધ્વારા જથ્થાની ખરીદી કરવાના કિસ્સામાં ૧૦ મે.ટન જેટલો જથ્થો પ્રાપ્ત થયેથી આ જથ્થો નિગમના પરિવહન ઈજારદારના વાહનમાં ભરવાની મજૂરી અને પરિવહન સુધીનો ખર્ચ.

સમભરતીની સંપૂર્ણ જવાબદારી ખરીદ એજન્સીની રહેશે તેથી આ જથ્થાની પુનઃ સમભરતી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે ધ્યાને લઈ ખરીદ એજન્સી ધ્વારા પુરેપુરી સમભરતી કરવામાં આવે છે તેની ખાત્રી કરવાની રહેશે, સંબંધિત ગોડાઉન મેનેજરશ્રીએ ખરીદ કરેલ જથ્થો ગોડાઉનમાં સંગ્રહ માટે ઉતારતા પહેલા પુરાં વજનમાં છે કે કેમ? તેની પૂરતી ખાત્રી કર્યા બાદ જ આવક થયેલ જથ્થો ગોડાઉનમાં ઉતારવાનો રહેશે, વધુમાં અપૂરતા વજનવાળો જથ્થો ચકાસણી દરમયાન માલુમ પડશે તો તે અંગેની જવાબદારી જથ્થાની ખરીદ એજન્સી તથા જથ્થો સ્વીકારનાર ગોડાઉન મેનેજરશ્રીની રહેશે.

(૧૦) **સંગ્રહ વ્યવસ્થાઃ–**

નિગમ ધ્વારા જે કોઈ જથ્થો ખરીદવામાં આવે તે જથ્થો નિગમ ધ્વારા નિયત કરવામાં આવેલ નિગમના/ભાડાના ગોડાઉનોમાં સંગ્રહ કરવાનો રહેશે. જથ્થાના સંગ્રહ માટે નિગમની ઉપલબ્ધ સંગ્રહ વ્યવસ્થાનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે. આ માટે સંબંધિત જીલ્લાના તમામ ગોડાઉનોમાં વધુમાં વધુ જથ્થો સંગ્રહ કરી શકાય તેવું આયોજન હાથ ધરવાનું રહેશે. કોઈ ખરીદ કેન્દ્ર ઉપર ખેડૂતો ધ્વારા વધુ જથ્થો વેચાણ માટે આવે અને સંગ્રહ શકિતની પૂરી વ્યવસ્થા ન હોય તેવા સંજોગોમાં ગોડાઉન ભાડે

રાખવાની જરુરીયાત ઉભી થાય તેવા સંજોગોમાં આગોતરા આયોજનના ભાગરૂપે ભાડાનું ગોડાઉન મેળવવા અંગેની પૂર્વ–મંજૂરી જિલ્લા કક્ષાની સમિતિ પાસેથી મેળવવાની રહેશે. નિગમ પાસે ઉપલબ્ધ સંગ્રહ વ્યવસ્થાનો ઉપયોગ કર્યા બાદ વધુ સંગ્રહ વ્યવસ્થાની જરુર જણાય તો જિલ્લા કક્ષાએ બનાવેલ સમિતિમાં નિર્ણય કરી ભાડાના ગોડાઉનો મેળવવાના રહેશે અને ભાડાના પ્રવર્તમાન દરો ધ્યાને લઈ સરકાર અને નિગમના હિતમાં નિર્ણય કરવાનો રહેશે. સામાન્ય રીતે સેન્ટ્લ વેરહાઉસીંગ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન, ભારતીય ખાધ્ય નિગમ,નાબાર્ડ પાસે ઉપલબ્ધ સંગ્રહ શકિતનો ઉપયોગ કરવાનો રહેશે.આમ છતાં, સ્થાનિક જરુરિયાતને લક્ષમાં લઈ જરુર જણાયે અન્ય સહકારી / ખાનગી સંસ્થાઓ પાસે સંગ્રહ શકિત ઉપલબ્ધ હોય તેનો ઉપયોગ પણ કરી શકાશે. અનાજ સંગ્રહ માટે ભાડાના ગોડાઉનો મેળવતા પહેલા કવોલીટી કન્ટ્રોલના જાણકાર જિલ્લાના ડી.જી.આઈશ્રી, સંબંધિત નાયબ જિલ્લા મેનેજરશ્રી (ગ્રેડ.ર) પાસે ભાડાનું ગોડાઉન સંગ્રહ માટે લાયક છે કે કેમ? તેની ખાત્રી / પ્રમાણપત્ર મેળવ્યા પછી જ ભાડાના ગોડાઉનમાં જથ્થાનો સંગ્રહ કરી શકાશે.

અનાજનો સંગ્રહ દરિયાકાંઠાના વિસ્તારમાં ખારાશ અને ભેજ (હયુમીડીટી) નું પ્રમાણ વધુ રહેતુ હોય વધુ લાંબા સમય સુધી ડાંગર, મકાઈ અને બાજરાનો જથ્થો સંગ્રહમાં રાખવામાં આવે તો જથ્થો બગડે નહીં તે બાબત ધ્યાનમાં લઈ જથ્થાનો સંગ્રહ કરવાનો રહેશે.

**(૧૧) પરિવહનઃ–**

નિગમના ગોડાઉન ખાતે જો કોઈ ખેડૂત તેમનું ઉત્પાદન સીધે સીધુ વેચાણ કરવા માંગતા હોય તો તેવા કિસ્સાઓમાં ખેડૂતોને ડાંગર, મકાઈ અને બાજરીની ગુણવત્તાની પુરેપુરી જાણકારી આપીને જથ્થો ગોડાઉન ઉપર સ્વીકારી શકાશે. ઉપરાંત જો કોઈ ખેડૂત તેમનું ઉત્પાદન સંબંધિત એ.પી.એમ.સી ખાતે લાવેલ હોય અને તેમને આ જથ્થો નિગમના નજીકના ગોડાઉન ઉપર વેચાણ કરવા માટે વિનંતી કરવાની થાય તો તેવા સંજોગોમાં તેમને જરુરી માહિતી પુરી પાડી જથ્થો ગોડાઉન ઉપર પહોંચાડે તેવી ખેડૂતને સમજણ આપવાની રહેશે.પરંતુ ખેડૂત આ જથ્થો માત્ર એ.પી.એમ.સીમાં વેચવાનો આગ્રહ રાખે તો સંબંધિત એ.પી.એમ.સીમાં ટેમ્પરરી સંગ્રહની વ્યવસ્થા ગોઠવી જથ્થો નિગમના પરિવહન ઈજારદાર ધ્વારા ગોડાઉનમાં લાવવાનો રહેશે. આમ છતાં જે તે ગોડાઉન કેન્દ્રની ક્ષમતા અનુસાર પુરેપુરો જથ્થો સંગ્રહ થાય ત્યાર પછી જથ્થો નજીકના નિયત કરેલ ગોડાઉન ખાતે તબદીલ કરવાનો થાય તો નિગમના માન્ય ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર મારફતે જ આ જથ્થો હેરફેર કરવાનો રહેશે. જે અંગે નિયત શરતો અને બોલીઓ મુજબ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરને ચુકવણું કરવાનું રહેશે, જે અંગે ટેકાના ભાવે ડાંગર,મકાઈ,અને બાજરાનો ખરીદ કરેલ જથ્થો અન્ય જિલ્લાના નજીકના ગોડાઉનમાં સંગ્રહ કરવા માટે પરિવહન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે બંને જિલ્લાના પરિવહન ઈજારદાર પૈકી જેનાં સૌથી નીચા સ્લેબના દર હોય તે ઈજારદાર પાસે જથ્થાનું પરિવહન કરવાનું રહેશે. પરંતુ જે તે જિલ્લાના નિગમના ગોડાઉનની સંગ્રહ શકિતનો પુરેપુરો ઉપયોગ કર્યા વગર ભાડાના ગોડાઉનનો ઉપયોગ કરવામાં આવશે તો તે અંગેની નાણાંકીય જવાબદારી સંબંધિત નાયબ જીલ્લા મેનેજરશ્રી (ગ્રેડ–ર) ની રહેશે. જથ્થાના પરિવહન/મજુરી ખર્ચ અંગે માર્ગદર્શનની જરૂરીયાત હોય તો તે વડી કચેરી ખાતે એલ.ટી.સી શાખા પાસેથી મેળવ્યા પછી કાર્યવાહી કરવાની રહેશે.

(૧૨) બારદાનઃ

ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદીના અંદાજ અનુક્રમે ૫૦૦૦ મે.ટન ડાંગર, ૨૦૦૦ મે.ટન મકાઈ અને બાજરાના ૨૦૦૦ મે.ટન જથ્થાના સંગ્રહ માટે ૫૦ કિલોગ્રામની ભરતીવાળા નવા બારદાનનો ઉપયોગ કરવાનો રહેશે. આ માટે ડી.જી.એસ. એન્ડ ડી પાસેથી ખરીદવામાં આવેલ જયુટ બારદાન જે તે જિલ્લા ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવશે, તેનો ઉપયોગ કરવાનો રહેશે.જે અંગેની જિલ્લાવાર નવા જયુટ બારદાનની ફાળવણી વડીકચેરીએથી કરી દેવામાં આવી છે તે અનુસાર બારદાનનો ઉપયોગ કરવાનો રહેશે તેમ છતાં જે જિલ્લાને વધુ બારદાનની જરુરીયાત જણાય તો અગાઉથી વડીકચેરીને જણાવવાનું રહેશે.જરુર જણાય તો શણના બારદાન (જયુટ બેગ)ને બદલે એચ.ડી.પી.ઈ બેગનો ઉપયોગ કરી શકાશે આવા કિસ્સામાં જથ્થાની હેરફેર તથા પેકીંગમાં હુકનો ઉપયોગ થાય નહીં તેની તકેદારી રાખવાની રહેશે.

કેન્દ્ર સરકારશ્રીની પ્રસ્થાપિત સૂચનાનુસાર ટેકાના ભાવે ખરીદેલ જથ્થાની સમભરતી કર્યા બાદ **મશીન સિલાઈ બ્લ્યુ રંગના દોરાથી** કરવાની રહેશે,આમ છતાં અપવાદરૂપ કિસ્સામાં હાથ સિલાઈ કરવામાં આવે ત્યારે ઓછામાં ઓછા ૧૦ ટાંકા લગાવવાના રહેશે/ મશીન સિલાઈ કરવામાં આવે તે જોવાનું રહેશે તથા અગાઉની માર્કેટીંગ સીઝન ના બારદાનનો ઉપયોગ કરવાનો થાય છે તેનાં ઉપર ***બ્લ્યુ* કલરથી કે.એમ.એસ–૨૦૧૭–૧૮ લખવાનું રહેશે.**

**(૧૩) ખેડૂતને ચુકવણાંની પધ્ધતિઃ–**

ખેડૂતને ચુકવણું RTGS/NEFT ટ્રાન્સફરથી/ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહે છે, તેમાં ખેડૂત પાસેથી કોઈપણ કમીશન વસુલ કરવાનું નથી.

ડાંગર(કોમન)ના જથ્થાનું ચૂકવણું પ્રતિ કિવન્ટલ રુા.૧૫૫૦/ના ભાવે, ડાંગર(ગ્રેડ.એ) નું ચુકવણું પ્રતિ કવી.રુા.૧૫૯૦/–ના ભાવે, મકાઈના જથ્થાનું ચુકવણું પ્રતિ કિવન્ટલ રૂા.૧૪૨૫/–ના ભાવે તેમજ બાજરીના જથ્થાનું ચુકવણું પ્રતિ કિવન્ટલ રૂા.૧૪૨૫/–ના ભાવે કરવાનું રહે છે.

ખેડૂતોને ચુકવણાં કરવા માટે અગાઉ આર.એમ.એસ ૨૦૧૨–૧૩ દરમ્યાન નાણાં શાખા ધ્વારા તા.૨૭/૨/૨૦૧૨ થી જરૂરી સૂચના આપવામાં આવેલ જેમાં ચુકવણું એકાઉન્ટ પે ચેકથી કરવા જણાવેલ જેના બદલે હવેથી RTGS/NEFT ટ્રાન્સફરથી ખેડૂતોના ખાતામાં બારોબાર જમા થાય તે પ્રમાણે કરવાનું રહેશે. આ અંગે અત્રેના પત્રનં. નાપુનિ/૨૧૧/અનજ/એમએસપી/કેએમએસ/ડાંગર/ લઘુતમ ટેકા ભાવ તા.૧૭/૧૨/૨૦૧૬ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે. પત્રની નકલ સામેલ રાખેલ છે.

(અ) ખેડૂત ડાંગર,મકાઈ અને બાજરીનો જથ્થો ગોડાઉન કેન્દ્ર ખાતે વેચવા માટે લઈ આવે ત્યારે સૌ પ્રથમ જથ્થાની ગુણવતાની ચકાસણી કરી તથા વેચાણ કરનાર વ્યકિત ખેડૂત જ છે અને આ જથ્થો તેનાં પોતાના ઉત્પાદન પૈકી વેચવામાં આવેલ છે તે અંગેની પુરતી ખાત્રી કરી જથ્થો સ્વીકારપાત્ર થતો હોય તો, જથ્થો મળ્યા બદલની પહોંચ આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ જે તે ખેડૂતને આપવાની રહેશે. (પરિશિષ્ટ–૩)

૧. જે ખરીદ કેન્દ્ર ખાતે ચુકવણું કરનાર અધિકારીશ્રીની નિયુકિત થયેલ હોય ત્યાં જરુરી દસ્તાવેજો ચકાસી જે તે ખેડૂતનું ચૂકવણું જે તે દિવસે RTGS/NEFT/ ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે અને તેનાં આનુસાંગિક રીપોર્ટ ઉપર PAID & CANCLLED નો સિકકો લગાવી દેવાનો રહેશે.

૨. જે ખરીદ કેન્દ્ર ખાતે ચુકવણું કરનાર અધિકારીશ્રીની નિમણૂંક ન થયેલ હોય ત્યાં જે તે ખરીદ અધિકારીશ્રીએ નાણાં શાખાના તા.૨૭/૨/૨૦૧૨ ના પત્ર અનુસાર જરુરી દરખાસ્ત ભલામણ સહિત જિલ્લા કચેરીને જે તે ખેડૂતને ચુકવણું RTGS/NEFT/ ઓનલાઈ પેમન્ટ કરવા માટે મોકલી આપવાની રહેશે.

(બ) પ્રાપ્ત કરેલ જથ્થાની દરખાસ્ત નિયત નમુનામાં પ્રતિ કવીન્ટલ ડાંગર(કોમન) રૂા.૧૫૫૦/– તથા ડાંગર(ગ્રેડ.એ) પ્રતિ કવીન્ટલ રૂા.૧૫૯૦/–, મકાઈ પ્રતિ કિવન્ટલ રૂા.૧૪૨૫/– તેમજ બાજરી પ્રતિ કિવન્ટલ રૂા.૧૪૨૫/– પ્રમાણે તૈયાર કરી તેની સાથે આનુસાંગિક દસ્તાવેજ જેવાં કે, ૭/૧૨ અને ૮/અ ના ઉતારા,ગ્રેડીંગ રીપોર્ટ, માલ મળ્યા બદલની પહોંચ વિગેરે જે તે દિવસે જિલ્લા કચેરીને પહોંચાડવાની રહેશે.

(ક) જે તે ખરીદ કેન્દ/ એજન્સી ખાતેથી નિયત નમુનામાં ચૂકવણાંની દરખાસ્ત જરુરી દસ્તાવેજ સહિત વિગતો જિલ્લાને મોકલી આપવામાં આવે ત્યારે આ બિલની નોંધ જિલ્લા કચેરીમાં ઈન્વર્ડ રજીસ્ટરમાં કરવાની રહેશે. ત્યારપછી તેની ચકાસણી માટે નીચેના મુદાઓ ધ્યાનમાં રાખવાના રહેશે.
ચૂકવણાં દરખાસ્તનો નમુનો સામેલ છે. **(પરિશિષ્ટ–૪)**

- જથ્થો મળ્યા અંગેની ગોડાઉન મેનેજરની નિયત રંગની પહોંચ ચકાસવાની રહેશે.
- ખરીદ કેન્દ્ર ખાતે જે કર્મચારી/ગ્રેડર તથા ગોડાઉન મેનેજર તરીકે ફરજ બજાવતાં હોય તેઓના નામ–સરનામા તથા સહીનો નમુનો ઉપલબ્ધ રાખવાનો રહેશે અને ચુકવણું કરતી વખતે ખેડૂત ધ્વારા રજુ કરવામાં આવેલ પહોંચમાં નિગમના પ્રતિનિધી ની સહીનો નમુનો તપાસી લેવાનો રહેશે.
- નિગમની નિયત કરેલા નમુના સિવાયની કે સિરિયલ નંબર વગરની પહોંચના આધારે કોઈપણ સંજોગોમાં ચુકવણું કરવાનું રહેશે નહી. તેમ છતાં આવી કાચી /ડુપ્લીકેટ પહોંચ ઉપર ચૂકવણું થયેલ માલુમ પડશે તો તે અંગેની તમામ જવાબદારી ગ્રેડર/ ગોડાઉન મેનેજર/ એજન્સીની રહેશે તથા કાચી /ડુપ્લીકેટ પહોંચના આધારે જિલ્લા કક્ષાએ પેમેન્ટ થયેલું માલુમ પડશે તો તે અંગેની જવાબદારી પણ સંબંધિત ચૂકવણું કરનાર અધિકારીશ્રીની રહેશે.
- જથ્થાનું ચૂકવણું જથ્થો મળ્યાના વધુમાં વધુ એકથી બે દિવસમાં ખેડૂતને મળે તે મુજબની કાર્યસૂચિ રાખી નાણાં શાખાના તારીખ ૨૭/૨/૨૦૧૨ ના પત્ર અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.
  જે બીલોનું ચુકવણું થઈ જાય તેના ઉપર paid & Cancelled નો સિકકો મારી નાયબ જિલ્લા મેનેજર (ગ્રેડ–૨) એ સહી કરવાની રહેશે.
- ચુકવણાં અંગે નિયત નમુનાનું રજીસ્ટર જીલ્લા કચેરી ખાતે નિભાવવાનું રહેશે.
  **(નિયત નમુનો આ સાથે સામેલ રાખેલ છે.(પરિશિષ્ટ–૫)**
- ખરીદ કેન્દ્ર ખાતે ખેડૂત દીઠ પેમેન્ટ રજીસ્ટર નિભાવવાનું રહેશે, જેમાં ખેડૂત ધ્વારા આપવામાં આવેલ જથ્થો, તેની થતી કિંમત ખેડૂતનાં ખાતામાં જમા કરવામાં આવે તેની વિગતો/ઓનલાઈન પેમેન્ટ વિગેરે નોંધવાનું રહશે અને તેમાં જે તે ખેડૂતને ચુકવણુ મળ્યા બદલની પહોંચ મેળવવાની રહેશે, ચુકવણું કરતી વખતે **ખેડૂત પાસેથી જથ્થો મળ્યાની ઓરીજીનલ પહોંચ પરત લેવાની રહેશે.**

(૧૪) ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી સહકારી એજન્સી ધ્વારા કરવામાં આવે ત્યારે ખેડૂતોને ચુકવણાં અંગે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(અ) ખેડૂતોને પ્રતિ કવીન્ટલ ડાંગર(કોમન) રૂા.૧૫૫૦/– તથા ડાંગર(ગ્રેડ.એ) પ્રતિ કવીન્ટલ રૂા.૧૫૯૦/–, મકાઈ પ્રતિ કિવન્ટલ રૂા.૧૪૨૫/– અને બાજરી પ્રતિ કિવન્ટલ રૂા.૧૪૨૫/– ના ભાવે તેઓ ધ્વારા જેટલો જથ્થો આપવામાં આવેલ હોય તેટલા જથ્થાના નાણાં RTGS/NEFT ટ્રાન્સફરથી ખેડૂતના બેંક

ખાતામાં બારોબાર જમા કરાવવાનો રહેશે પરંતુ એજન્સીના કમિશન માટે તેમના ધ્વારા બિલ રજૂ કરવામાં આવે ત્યારે તેમના ધ્વારા માર્કેટશેષ ભરેલી હોય અને તેનો પુરાવો રજૂ કરે તો તેનાં નાણાં RTGS/NEFT ટ્રાન્સફરથી સંબંધિત સંસ્થાને તેઓના બેંક ખાતામાં જમા કરાવવાના રહેશે. કોઈપણ ચૂકવણું કરતી વખતે પ્રવર્તમાન કાયદા મુજબ કરવાપાત્ર કપાત અચૂક કરી લેવાની રહેશે. જે તે એજન્સી મારફત ડાંગર, મકાઈ અને બાજરીના જથ્થાની ખરીદી કરવામાં આવે ત્યારે પણ નાણાં શાખાના તા.૨૭/૨/૨૦૧૨ ના પત્ર અનુસાર ચૂકવણાંની કાર્યવાહી કરવાની રહેશે.

(બ) સંબંધિત સંસ્થાએ જિલ્લા કચેરી / સ્થળ ઉપરના ચૂકવણાંની વિગત ખેડૂતવાર સંપૂર્ણ વિગતો જેવી કે, ખેડૂતનું નામ-સરનામું, પ્રાપ્ત કરેલ જથ્થો તેની રકમ, યુ.ટી.આર નંબર તથા તારીખ, બેંકનું નામ (શાખા સહિત) તેમજ યુ.ટી.આર ની ઝેરોક્ષની વિગતો સાથે માહિતી નિગમને રજૂ કરવાની રહેશે,જેની ચકાસણી તેમજ મળેલ જથ્થાની ચકાસણી કર્યા બાદ સંબંધિત સંસ્થાને તેમના કમિશનના થતાં નાણાં RTGS/NEFT/ટ્રાન્સફર થી તેઓના બેંક ખાતામાં જમા કરાવવાના રહેશે.

(ક) કોઈપણ સંજોગોમાં ખેડૂત પાસેથી ખરીદેલ જથ્થાના નાણાં ખેડૂતનેRTGS/NEFT/ટ્રાન્સફર/ઓનલાઈન પેમેન્ટ સિવાય ચૂકવાય નહી તે અંગે તકેદારી રાખી ખેડૂતો પાસેથી તેમના બેંકનું નામ,એકાઉન્ટ નંબર બેંક IFSC કોડ અવશ્ય મેળવવાનો રહેશે.

(ડ) જે તે એજન્સીને અન્ય ખર્ચાઓ તથા કમિશન વગેરેના રજુ કરેલ બિલો સામે ૮૦ ટકા રકમ પ્રથમ ચુકવવાની રહેશે તથા બાકીના ૨૦ ટકા આ ખર્ચાના બિલોનું ૧૦૦ ટકા ઓડીટ કરાવ્યા બાદ ચુકવણું કરવાનું રહેશે. ઓડીટની કામગીરી સંબંધિત જિલ્લાએ ઝડપથી પૂર્ણ કરાવવાની રહેશે.

જિલ્લા કચેરી ખાતે પરિવહન ખર્ચ/મજૂરી અંગેના બિલોમાં જે પ્રમાણે ઓડીટ કરવામાં આવે છે તે મુજબ ડાંગર, મકાઈ અને બાજરીની પ્રાપ્તિ અંગેના બિલોમાં ઓડીટ કરાવ્યા બાદ કરવાનું રહેશે. આ ઓડીટ કરાવવામાં બિન-જરૂરી વિલંબ ન થાય તે અંગે આપના જિલ્લાના ઓડીટરશ્રી સાથે સંપર્કમાં રહી કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવાની રહેશે. જેથી પાછળથી કોઈપણ જાતના પ્રશ્નો ઉભા થવા ન પામે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર ધ્વારા ટેકાના ભાવે કરવામાં આવેલ ખરીદીના નાણાંની ચૂકવણી ૧૦૦ ટકા ઓડીટેડ હિસાબોના આધારે કરવામાં આવતી હોય આ કામગીરી સંપૂર્ણ ચોકસાઈથી કરવાની રહેશે.

**(૧૫) રોજે રોજ વડી કચેરીએ મોકલવાની થતી માહિતી:**

સંબંધિત ગ્રેડર/ ગોડાઉન મેનેજર ધ્વારા રોજે રોજ કેટલો જથ્થો કયા ખેડૂત પાસેથી ખરીદવામાં આવેલ છે તેની માહિતી જિલ્લા કચેરીને સાંજે ૫.૦૦ કલાકે મોકલી આપશે.

**(નમુનો પરિશિષ્ટ-૯ માં સામેલ છે.)**

રોજેરોજની ડાંગર, મકાઈ અને બાજરીની પ્રાપ્તિ જે ખરીદ કેન્દ્ર / ખરીદ એજન્સી ધ્વારા કરવામાં આવે તે અંગેનો SMS / E-MAIL જિલ્લા કચેરી / વડીકચેરી ખાતે મોકલવાનો રહેશે. આ બાબતે નિગમની વડીકચેરી ખાતેની એમ.આઈ.એસ/ એમએસપી શાખા ધ્વારા જે નમુનામાં SMS / E-MAIL /ઓનલાઈન માહિતી માંગવામાં આવે તે મોકલવાની રહેશે.

આપના જિલ્લાના સંબંધિત ગ્રેડર/ ગોડાઉન મેનેજર / પ્રતિનિધિ ધ્વારા જિલ્લાની તમામ એ.પી.એમ.સી કે જયાં ડાંગર, મકાઈ અને બાજરીના ખરીદ વેંચાણની કામગીરી ચાલતી હોય તેની રોજેરોજ મુલાકાત

લઈ પ્રવર્તમાન ભાવોની જાણકારી મેળવવાની રહેશે તેમજ આ અંગેનો અહેવાલ વડીકચેરીને અચૂક મોકલવાનો રહેશે.

જિલ્લા કક્ષાએ રોજે રોજની ખરીદીની કેન્દ્રવાર માહિતી એકત્રીત કરવાની રહેશે, આ માહિતી બીજા દિવસે ૧૧.૦૦ કલાકે વડી કચેરીમાં મેનેજર(MSP) ના નામજોગ ફેક્ષથી/ઈમેઈલથી મોકલી આપવાની રહેશે.(પરિશિષ્ટ–૭(અ) અને ૭(બ) (ફેક્ષ નંબર ૦૭૯–૨૩૨૨૦૩૪૮ અને e-mail adress:- gscscltd 312@gmail.com) સ્વીકૃત /અસ્વીકૃત ખેડૂતોની સંખ્યામાં ૭/૧૨ માં જેટલા ખેડૂતના નામ દાખલ થયેલ હોય તે તમામની સંખ્યા ગણતરીમાં લઈને ખેડૂતો તરીકે દર્શાવવાની રહેશે.

નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨) ધ્વારા તેમના જિલ્લામાં આવેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ડાંગર, મકાઈ અને બાજરીની પ્રાપ્તીના સમયગાળા દરમ્યાન અઠવાડીયામાં ઓછામાં ઓછી બે વખત જાતે મુલાકાત લઈ ખરીદ પ્રક્રિયામાં પડતી મુશ્કેલીઓનું નિવારણ કરશે અને જોઈતું માર્ગદર્શન પુરૂં પાડશે અને આ અંગેનો અહેવાલ નિગમની વડી કચેરીની એમએસપીશાખાને મોકલી આપવાનો રહેશે.

ખરીદ કેન્દ/એજન્સીઓ ધ્વારા જે તે ખેડૂત પાસેથી યુનિફોર્મ સ્પેશીફિકેશન મુજબનો ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો ગ્રેડર / થર્ડ પાર્ટી ધ્વારા પૃથ્થકરણ કર્યા બાદ જ ગોડાઉન ઉપર સ્વીકારવાનો રહેશે તથા તે અંગેનો ગ્રેડીંગ રીપોર્ટ ખેડૂતવાર / ટ્રકવાર જથ્થો ગોડાઉન પર સંગ્રહ માટે મોકલવામાં આવે ત્યારે તે અંગેના પૃથ્થકરણ રીપોર્ટની એક નકલ ફરજીયાત ગોડાઉન ઉપર મોકલવાની રહેશે તથા જે તે ગોડાઉન મેનેજરશ્રીએ આવક થયેલ ડાંગર, મકાઈ અને બાજરીના જથ્થાનો ગ્રેડીંગ રીપોર્ટના આધારે જથ્થો યોગ્ય જણાયે ગોડાઉન ઉપર ઉતારવાનો રહેશે તથા તે અંગેના જરુરી રેકર્ડ / ગ્રેડીંગ રીપોર્ટ ગોડાઉન મેનેજરે તેમના ગોડાઉન પર નિભાવવાના રહેશે.
લધુત્તમ ટેકાના ભાવે ખરીદી માટે જરૂર જણાયે સ્થાનિક એજન્સીઓની નિમણુંક તથા એજન્સીઓ સાથે કરવાના થતા કરાર તેમજ રોજબરોજની આનુસાંગિક કાર્યવાહી જેવી કે, એજન્સીઓ તથા ખેડૂતોને ઉભી થતી મુશ્કેલીઓના નિવારણની કામગીરી માટે રાજય સરકારશ્રીએ નીચે મુજબની સમિતિની નિમણૂંક કરેલ છે.

| | | |
|---|---|---|
| (અ) | કલેકટરશ્રી | અધ્યક્ષ |
| (બ) | જિલ્લા સહકારી રજીસ્ટારશ્રી | સભ્ય |
| (ક) | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય |
| (ડ) | જિલ્લા પુરવઠા અધિકારીશ્રી | સભ્ય |
| (ઈ) | નાયબ જિલ્લા મેનેજર(ગ્રેડ.૨) ગુ.રા.ના.પુ.નિગમ લી., | સભ્યસચિવ |

આ સમિતિ ધ્વારા જરૂર જણાયે ખરીદી માટેની એજન્સીની નિમણૂંક તાત્કાલિક કરવાની રહેશે, કે જેથી ખેડૂતોને તેમનો જથ્થો ટેકાના ભાવે વેચવામાં સરળતા રહે.

જિલ્લા કલેકટરશ્રી પાસેથી એવી પણ અપેક્ષા રાખવામાં આવે છે કે, ખરીદીની કામગીરીની સમીક્ષા તેઓ ધ્વારા સતત કરવામાં આવે તેમજ ખરીદી અંગે ઉપસ્થિત થતી મુશ્કેલીઓનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે.

સંબંધિત સંસ્થા સાથે ટેકાના ભાવે ખરીદી અંગે કરવાના થતાં કરારનામાની નકલ આ સાથે સામેલ રાખેલ છે. તદ્દઅનુસાર એજન્સી ધ્વારા આ કરાર રુ.૧૨૦/- ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર નિગમના સીટી મેનેજર/ નાયબ જિલ્લા મેનેજર(ગ્રેડ.૨) સાથે કરવાનો રહેશે. કરારનામામાં સામેલ એકરારનામું જે તે સંસ્થાના અધિકૃત મેનેજરે રુ.૧૨૦/-ના નોન-જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર નોટરીના સહીસિકકાવાળું રજૂ કરવાનું રહેશે,જે અંગેનો ખર્ચ સંબંધિત એજન્સીએ ભોગવવાનો થાય છે. **(કરારનામાનો નમુનો પરિશિષ્ટ-૧૪ મુજબ)**

**(૧૯) ટેકાના ભાવવાળી ખરીદી અંગેની જાહેરાતઃ-**

ટેકાના ભાવે ખરીદી અંગેનું બેનર સફેદ કપડા ઉપર તૈયાર કરવાનું રહેશે અને તે સંબંધિત ખરીદ કેન્દ્ર ખાતે લગાવવાનું રહેશે. આ ઉપરાંત એક વધારાનું બેનર સ્થાનિક ખેતીવાડી બજાર સમિતિના મુખ્ય ધ્વારે ખેડૂતોને સ્પષ્ટ રીતે નજરે પડે તેવી જગ્યાએ લગાવવાનું રહેશે.

નિગમ ધ્વારા જાહેર કરવામાં આવેલ ખરીદ કેન્દ્રના ગોડાઉન મેનેજરે સંબંધિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રીના સંપર્કમાં રહી ડાંગર, મકાઈ અને બાજરા ખરીદી કરવા માટેની ઓછામાં ઓછી જરુરીયાત જેવી કે, ખરીદી કરવા માટેની જગ્યા ,વજન કરાવવા માટેના વજન-કાંટા તથા વજનીયાં,જરુરીયાત મુજબના મજૂરો વિગેરેની સગવડતાઓ મળી રહે તે બાબતની વિનંતી કરી,જરુરીયાત મુજબની સગવડતા/ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

વધુમાં નિગમ ધ્વારા ખરીદીની સરળતા માટે સંબંધિત ગોડાઉન મેનેજરનું નામ,રહેઠાણ/ કચેરી ટેલીફોન નંબર તથા ગોડાઉનનું સરનામું આપવાનું રહેશે અને સંબંધિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં હરરાજીના સમય દરમ્યાન નિગમના અધિકૃત ગ્રેડર/ થર્ડ પાર્ટી ગુણવત્તા ચકાસણી કરતી એજન્સીએ સતત હાજર રહેવાનું રહેશે. હાજર રહયા અંગેની તેઓએ રોજનીશી બનાવવાની રહેશે અને તારીખ ૧ થી ૧૦, ૧૧ થી ૨૦ અને ૨૧ થી ૩૦ /૩૧ સુધીની રોજનીશી જે તે જિલ્લા / સંબંધિત કચેરીએ જમા કરાવ્યા પછી જ ટી.એ / ડી.એ /થર્ડ પાર્ટીને ચુકવવાપાત્ર રકમનું ચુકવણું કરવાનું રહેશે.

## બેનરનો નમુનો

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
ખરીફ માર્કેટીંગ સીઝન–૨૦૧૭–૧૮
પ્રતિ કવીન્ટલ ડાંગર(કોમન) રૂા.૧૫૫૦/– (મણના રૂા.૩૧૦/–) તથા ડાંગર(ગ્રેડ.એ) પ્રતિ કવીન્ટલ રૂા.૧૫૯૦/–
(મણના રૂા.૩૧૮/–)
ડાંગર, મકાઈ અને બાજરાની ટેકાના ભાવે ખરીદી
ઓન લાઈન રજીસ્ટ્રેશન તા.૦૩/૧૦/૨૦૧૭ થી શરૂ
ખરીદીનો સમયગાળો તા.૧૬/૧૦/૨૦૧૭ થી તા.૩૦/૧૨/૨૦૧૭
જિલ્લો.............................. તાલુકો.........................
ઓન લાઈન રજીસ્ટ્રેશન અને ખરીદીનું સ્થળ: સરકારી અનાજ ગોડાઉન...................
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ......................

ગુણવત્તા યુનિફોર્મ સ્પેશીફિકેશન/ફેર એવરેજ કવોલીટી મુજબ.
(કેન્દ્ર સરકારશ્રીના ધારા--ધોરણ અનુસાર)

<u>ડાંગર માટે</u>

ડાંગર ભેજના–ટકા ૧૭ , બાહય અશુધ્ધિના –અકાર્બનીક–૧ ટકા અને કાર્બનીક–૧ ટકા , ડેમેજ,રંગફેર,અંકુરણ થયેલ, સડેલા દાણા–૫ ટકા(ડેમેજ,અંકુરીતદાણા તથા સડેલા દાણા ૪ ટકા થી વધારે હોવા જોઈએ નહી),અપરિપકવ,સંકોચાયેલ અન્યચીમળાયેલા દાણા–૩ ટકા, નિમ્નવર્ગનું મિશ્રણ–૬ ટકા

ડાંગર(કોમન) લંબાઈ/પહોળાઈનો ગુણોત્તર ૨.૫ સુધી અને ડાંગર(ગ્રેડ.એ)માં લંબાઈ / પહોળાઈનો ગુણોત્તર ૨.૫ થી વધુ)

ખેડૂતો પાસેથી બારદાન તથા ગુણવત્તા ચકાસણી માટેની કોઈ રકમ લેવામાં આવશે નહી.

<u>મકાઈ માટે</u>

રૂા.૧૪૨૫/– પ્રતિ કિવન્ટલ ટેકાના ભાવે ખરીદી

મકાઈ ભેજના–ટકા ૧૪ , બાહય અશુધ્ધિના–૧ ટકા અન્ય ધાન્યના દાણા ૨ ટકા, અપરિપકવ અને ચીમળાયેલા દાણા–૩ ટકા, અંશત:બગડેલા અને રંગફેર દાણા ૪.૫ ટકા, બગડેલા (ડેમેજ) થયેલા દાણા ૧.૫ ટકા અને વિવિલ્ડ દાણા ૧ ટકા.

<u>બાજરા માટે</u>

રૂા.૧૪૨૫/– પ્રતિ કિવન્ટલ ટેકાના ભાવે ખરીદી.

ભેજના–ટકા ૧૪ , બાહય અશુધ્ધિના–૧ ટકા અન્ય ધાન્યના દાણા ૩ ટકા, અપરિપકવ અને ચીમળાયેલા દાણા–૪ ટકા, અંશત:બગડેલા અને રંગફેર દાણા ૪.૫ ટકા, બગડેલા (ડેમેજ) થયેલા દાણા ૧.૫ ટકા અને વિવિલ્ડ દાણા ૧ ટકા.

**ખાસ નોંધ:–**

(૧) ભારત સરકાર તરફથી ખરીફ માર્કેટીંગ સીઝન–૨૦૧૭–૧૮ ના યુનિફોર્મ સ્પેશીફિકેશનના પરિપત્ર મુજબ ગુણવત્તાનો ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો ખરીદવાપાત્ર થશે.

(૨) ડાંગર અને મકાઈ/બાજરી માટેના બેનર અલગ–અલગ જણસીવાર/ખરીદ કેન્દ્ર મુજબ બનાવવાના રહેશે. ટેકાના ભાવે સીધી ખરીદી ખેડૂતો પાસેથી કરવા અંગે ખેડૂતોને પુરતી જાણકારી મળી રહે તે માટે જિલ્લા કલેકટરની કચેરીના સંપર્કમાં રહી આ અંગે બહોળી પ્રસિધ્ધિ થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૩) બહોળી પ્રસિધ્ધિ માટે સ્થાનિક કક્ષાએ ૬" × ૮" ની સાઈઝના રંગબેરંગી પેમ્ફલેટ છપાવી ગ્રામ્યકક્ષાએ વ્યાજબી ભાવના દુકાનદાર, સરપંચશ્રી, તલાટી– કમ – મંત્રી, ગ્રામસેવક, એ.પી.એમ.સીના ચેરમેન તથા અન્ય સહકારી સંસ્થાઓ, જિલ્લા વિસ્તરણ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, તાલુકા વિકાસ અધિકારી વિગેરેને મોકલી આપવાના રહેશે. (નમુનો આ સાથે સામેલ છે (પરિશિષ્ટ–૧૨)

**(૧૭) ખરીદી અંગેની હિસાબની પધ્ધતિ :**

રોજે રોજની ખરીદીના અંદાજને અનુલક્ષીને કેટલા નાણાં ચુકવણાં માટે જરૂરીયાત રહેશે તે નકકી કરી વડી કચેરીની હિસાબ શાખા પાસેથી ભંડોળ મેળવવાનું રહેશે. જેમાં ડાંગર, મકાઈ અને બાજરાની ખરીદી માટે નાણાંની જરૂરીયાત સ્પષ્ટ દર્શાવવાની રહેશે.

- જિલ્લા કચેરીને નાણાંનો ડી.ડી. મળે તે નાણાં હાલની પ્રથા મુજબ ઓપરેટીવ હિસાબમાં જમા લેવાનો રહેશે અને આ નાણાં આ ખરીદી માટે જ વપરાશમાં લેવાના રહેશે.
- રોજે રોજ જે જથ્થો ખરીદ કરવામાં આવેલ હોય તે જથ્થાના ચુકવણાનું રજીસ્ટર આ સાથે સામેલ **પરિશિષ્ટ–૫** મુજબ નિભાવવાનું રહેશે.
- જથ્થો જે તે ખરીદ કેન્દ્રના ગોડાઉન ખાતે પત્રક–૮ માં જમા લેવાનો રહેશે.
- ખરીદી અને તેના આનુષાંગિક ખર્ચાનું જે ચુકવણું થાય તેને નિગમના હિસાબી પત્રક–૫(બ) માં અનાજ શાખાના પત્રકમાં અલગથી ડાંગર, મકાઈ અને બાજરાના હિસાબોમાં આ સાથે સામેલ પરિશિષ્ટ–૮ મુજબ દર્શાવવાનું રહેશે અને તે વડી કચેરીની જિલ્લા હિસાબ શાખાને મોકલવાનું રહેશે.
- ખરીદી અંગેનું અદ્યતન રેકર્ડ નિભાવી તેનું ગોડાઉન વાર રીકન્સીલીએશન કરવાનું રહેશે. જેથી જથ્થો પૂરેપૂરો મળેલ છે કે કેમ? તેની ખરાઈ થઈ શકે.
- આ ખરીદીના વ્યવહારોનું ઓડીટ આપના જીલ્લાના નિયુકત ઓડીટર મારફત નિયમોનુસાર કરાવવાનું રહેશે.
- ખરીદીના ચુકવણા અંગે ઉપર જણાવેલ કાર્યવાહી ઉપરાંત પણ જથ્થાનું બેવડુ ચુકવણું ન થાય તે માટે જિલ્લા કક્ષાએ જરૂરી જણાય તે રીતે કન્ટ્રોલ રજીસ્ટર નિભાવવાના રહેશે.
- ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીના જથ્થાની જે ખરીદી કરવામાં આવે તેની ઉપર નિયમોઅનુસાર સ્થાનિક એ.પી.એમ.સીને માર્કેટ શેષ નિગમે ચુકવવાની રહેશે. આ કામગીરી નિયુકત એજન્સી ધ્વારા કરવામાં આવી હોય તો તેઓ ધ્વારા ચૂકવેલ માર્કેટ ફીની અસલ રસીદની સામે જરુરી ચકાસણી કરી તેઓને રકમ ચૂકવી આપવાની રહેશે.

ટુંકમાં ડાંગર,મકાઈ અને બાજરીની ખરીદીના હિસાબો હાલની પ્રવર્તમાન પધ્ધતિ મુજબ જ નિભાવવાના રહે છે. જેમાં જરૂરી હોય તેવા આનુસાંગિક તમામ રજીસ્ટર રેકર્ડ નિભાવવાના રહેશે. વડી કચેરી ધ્વારા ગત વર્ષે જે સ્ટેશનરી પુરી પાડવામાં આવેલ છે તેમાં આનુસાંગિક સુધારા કરી ચાલુ વર્ષે તેનો ઉપયોગ કરવાનો રહેશે.

ખરીફ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ માટે ડાંગર, મકાઈ અને બાજરીની ટેકાના ભાવે ખરીદી કરવા અંગેના કાર્યની સફળતાનો મુખ્ય આધાર આપના આયોજન, મહેનત તથા વાજબી પ્રયત્નો ઉપર આધારીત છે. આ ખરીદી માત્ર ખેડૂતો પાસેથી જ ગુજરાતમાં ઉત્પાદિત ડાંગર, મકાઈ અને બાજરાની જ કરવામાં આવે તેમજ ગુણવત્તાની બાબતમાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવે નહી તે બાબત ધ્યાને લેવાની રહેશે.

(૧૮) જથ્થાકીય મેળવણું તથા જથ્થો ગોડાઉન ખાતે રેકર્ડમાં જમા લીધેલ છે તેની પ્રત્યક્ષ ખરાઈ કરવી તથા જે ગોડાઉનો ખાતે (નિગમના તેમજ ભાડાના ) ડાંગર, મકાઈ અને બાજરાના જથ્થાનો સંગ્રહ કરવામાં આવેલ હોય તેની જિલ્લા કક્ષાએ અધિકારીશ્રી , ડી.જી.આઈ તેમજ એકાઉન્ટ સુપરવાઈઝર ધ્વારા અવારનવાર મુલાકાત લઈ જથ્થાની ગુણવત્તા તેમજ ખરીદી મુજબનો જથ્થો ગોડાઉનો ખાતે ઉપલબ્ધ છે કે કેમ? તેની ખરાઈ કરી લેવાની રહેશે તથા સંબંધિત કર્મચારી/ અધિકારીશ્રી ધ્વારા કરેલ ખરાઈ / મુલાકાત વખતની વીઝીટ નોંધ જિલ્લા કચેરી તથા વડીકચેરીની એમએસપીશાખાને મોકલી આપવાની રહેશે. મુલાકાત વખતે જે કોઈ ગોડાઉનમાં અનિયમિતતા/ગેરરીતી જણાયેલ હોય તો તે અંગેની જાણ તુર્તજ મેનેજરશ્રી(વીજીલન્સ), વડીકચેરી,ગાંધીનગરને કરવાની રહેશે.

(૧૯ ) ભારત સરકાર ધ્વારા ગુજરાત રાજયને ડીસેન્ટ્રલાઈઝડ પ્રોકયોરમેન્ટ સ્ટેટ તરીકે કે.એમ.એસ. ૨૦૧૭–૧૮ થી જાહેર કરેલ છે જેથી લઘુત્તમ ટેકાના ભાવે પ્રાપ્ત કરવામાં આવેલ ડાંગર, **મકાઈ અને બાજરીનો જથ્થો નિગમના જે તે ગોડાઉન ખાતે સંગ્રહિત કરવાનો રહેશે. ડાંગરની મીલીંગ કામગીરી પુર્ણ થયા બાદ એફ.સી.આઈ પાસે ઈન્સ્પેકશન કરાવી ચોખાનો જથ્થો નિગમની વડી કચેરીની સુચના મુજબ એન.એફ.એસ.એ.(NFSA) હેઠળ વિતરણ કરવાનો રહેશે. અન્ય કોઈપણ યોજનામાં વિતરણ કરવાનો રહેશે નહીં.**

(૨૦) પ્રાપ્ત કરેલ ડાંગર, મકાઈ અને બાજરીનો જથ્થો નિગમના અથવા તો ભાડાના ગોડાઉનમાં સંગ્રહિત હોય તેનું વિતરણ / નિકાલ ન થાય ત્યાં સુધી ગુણવત્તા જળવાઈ રહે તે માટે સંબંધિત જિલ્લાના ડીજીઆઈ ધ્વારા કયુ.સીશાખાની સ્થાયી સૂચનાનુસાર નિયમિત મુલાકાત લઈ ગુણવત્તા નિયંત્રણના જરુરી પગલાં લેવાના રહેશે.ટૂંકમાં ભાડાના ગોડાઉન ખાતે સંગ્રહિત જથ્થાની પણ પૂરતી કાળજી લેવાની રહેશે.

(૨૧) જે તે જિલ્લામાં લધુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીનો જે જથ્થો જે ખરીદ કેન્દ્રો / એજન્સીઓ ધ્વારા ખેડૂતો પાસેથી રોજેરોજ ખરીદવામાં આવે તે અંગેની વિગતવાર માહિતી કલેકટરશ્રીને પહોંચતી કરવાની રહેશે તથા આ માહિતી કલેકટર કચેરી ખાતે જાહેર જનતા જોગ નોટીસ બોડ ઉપર રોજેરોજ મુકાય તે અંગેની કાર્યવાહી સંબંધિત નાયબ જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ.૨)એ કરવાની રહેશે.

ખરીફ માર્કેટીગ સીઝન–૨૦૧૭–૧૮ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી વિકેન્દ્રીયકૃત ખરીદીના ભાગરૂપે રાજય સરકારની સૂચનાનુસાર નિગમ ધ્વારા કરવામાં આવશે તે અનુસાર રાજય સરકારે ૫૦૦૦ મે.ટન ડાંગર, ૨૦૦૦ મે.ટન મકાઈ અને ૨૦૦૦ મે.ટન

બાજરીની ખરીદીનો અંદાજ મુકી નોડલ એજન્સી તરીકે નિગમને નિમણૂંક આપેલ છે. યોજનાનો સૂચારુ રૂપે અમલ તથા તેનો મહત્તમ લાભ ખેડૂતોને પહોંચે તેનો મુખ્ય આધાર આપના આયોજન, મહેનત તથા વ્યાજબી પ્રયત્નો ઉપર આધારીત છે. આ ખરીદી માત્ર ખેડૂત પાસેથી જ ગુજરાતમાં ઉત્પાદિત ડાંગર, મકાઈ અને બાજરીની જ કરવામાં આવે તથા ગુણવત્તા બાબતે પૂરતી તકેદારી લઈ રાજયના ખેડૂતોને ખેડૂતલક્ષી આ યોજનાનો મહત્તમ લાભ મળી રહે તે માટેના યોગ્ય પ્રયત્નો આપ સૌ તરફથી હાથ ધરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

બિડાણ: ઉપર મુજબ

નાયબ મેનેજર (એમ.એસ.પી)

**નકલ સવિનય રવાના:-**

૧. પી.એસ.ટુ મે.ડીશ્રી/ચેરમેનશ્રી,
૨. નાયબ સચિવશ્રી(પીડીએસ),અ.ના.પુ અને ગ્રા.બા.નો વિભાગ,
૩. નિયામકશ્રી,અન્ન,નાગરિક પુરવઠાની કચેરી/કૃષિ નિયામકશ્રી,ગાંધીનગર
૪. કલેકટરશ્રી........................../અન્ન નિયંત્રકશ્રી,અમદાવાદ
૫. રજીસ્ટારશ્રી,સહકારી મંડળીઓ,ડો.જીવરાજ મહેતાભવન,
૬. નિયામકશ્રી,ખેત ઉત્પન્ન બજાર સમિતિ....
૭. જીલ્લા વિકાસ અધિકારીશ્રી
૮. ચીફ જનરલ મેનેજરશ્રી
૯. જનરલ મેનેજરશ્રી (તમામ)
૧૦. જનરલ મેનેજરશ્રી(ગુજરાત),એફ.સી.આઈ,અમદાવાદ,
૧૧. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી/જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી.........................
૧૨. જિલ્લા રજીસ્ટારશ્રી...............................

**નકલ રવાના:-**

૧. કાર્યપાલક ઈજેનરશ્રી/કંપની સચિવશ્રી
૨. મેનેજરશ્રી અનાજ,કયુ.સી,નાણાં,વીજીલન્સ,એલ.ટી.સી, કોમ્પાઈલેશન, વડી કચેરી, ગાંધીનગર
૩. મેનેજરશ્રી (આં.ઓડીટ) વડી કચેરી, ગાંધીનગર તરફ આ બાબતે જિલ્લા ઓડીટરશ્રીને જરૂરી જાણ કરી ઓડીટની કાર્યવાહી સમયસર /ઝડપથી નિયમાનુસાર થાય તે જોવા સારું
૫. ખરીદ કેન્દ્રના નિયુકિત અધિકારીશ્રી
૬. સંબંધિત ખરીદ કેન્દ્ર/સંબંધિત ગ્રેડર

FAX : 23222707 Phon : (079) 23221037, 23221038, 23220341 email: md-gscsc@gujarat.gov.in

# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)
CIN : U65910GJ1980SGC003957
WWW.GSCSCL.GUJARAT.GOV.IN
REGISTERED OFFICE:SECTOR-10/A, "CH" ROAD
NEAR NEW SACHIVALAYA,GANDHINAGAR-382043

નં.નાપુનિ/એમએસપી/મકાઈ–બાજરી/ડાંગર/ટેકાના ભાવે/૨૦૧૭–૧૮/૪૧૫ તા.૭/૧૦/૨૦૧૭

પ્રતિ,
(૧) સીટી મેનેજરશ્રી અમદાવાદ
(૨) નાયબ જીલ્લા મેનેજર ગ્રેડ–૨
ગુ.રા.ના.પુ.નિ.લિ.,
અમદાવાદ, (ગાંધીનગર),સાબરકાંઠા, (અરવલ્લી)
મહેસાણા, ખેડા, આણંદ, પંચમહાલ, (મહિસાગર)
દાહોદ,વડોદરા,(છોટાઉદેપુર),સુરત, તાપી,
વલસાડ, નવસારી, બનાસકાંઠા, પાટણ, ભાવનગર
(બોટાદ), કચ્છ–ભુજ

વિષય:– ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭–૧૮ માટે લઘુતમ ટેકાના ભાવે ડાંગર,બાજરી અને મકાઈની ખરીદ કરવા અંગે...
સંદર્ભ:– અ.ના.પુ.અને ગ્રા.બા.ના વિભાગનો ઠરાવ ક્રમાંક:કેએમએસ/૧૪/૨૦૧૭/જીઓઆઈ/૩૪૪/ક તા.૭/૧૦/૨૦૧૭

રાજ્ય સરકાર ધ્વારા ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭–૧૮ માં ડાંગર, બાજરી અને મકાઈ ના ભાવ લઘુતમ ટેકાના ભાવથી નીચા જાય તો ખેડૂતોને તેમના .ઉત્પાદનના પોક્ષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ટેકાના ભાવે ડાંગર, બાજરી અને મકાઈની ખરીદી કરવાનો નિર્ણય કરેલ છે. તદઅનુસાર રાજ્યમાં ડાંગર, બાજરી અને મકાઈનું ઉત્પાદન ધ્યાને લઈ પ્રાપ્તિ કરવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., ને "નોડલ એજન્સી" તરીકે નિયુકત કરેલ છે. (ઠરાવની નકલ સામેલ છે) ખેતી નિયામકશ્રી પાસેથી ડાંગર, બાજરી અને મકાઈના વાવેતર અને ઉત્પાદન ના આંકડા ધ્યાને લઈ પ્રાપ્તિ નો અંદાજ મુકવામાં આવેલ છે.

ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭–૧૮ લઘુતમ ટેકાના ભાવે પ્રાપ્તિ ની કામગીરી ૧૬ મી ઓકટોબર–૨૦૧૭ થી તા.૩૦ મી ડીસેમ્બર–૨૦૧૭ સુધી કરવાની રહેશે. જે અંગે ઉકત સંદર્ભ પત્રનો ઠરાવ અનુસાર તમામ આયોજન અનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

ઉપરાંત, અગાઉના વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ની જેમજ ડાંગર ખરીદી માટે ૧૫ જીલ્લાના ૫૯ મકાઈ ખરીદી માટે ૮ જીલ્લાના ૪૮ તેમજ બાજરી ખરીદી માટે ૯ જીલ્લાના ૫૨ ખરીદ કેન્દ્રો આપેલ પરિશિષ્ટ–૨ અને–૩ મુજબ ખોલવા માટે જણાવવામાં આવે છે. ઉપરાંત જરૂર જણાયે જીલ્લા સ્થાનિક સમિતિ ધ્વારા નકકી કરી એ.પી.એમ.સી ખાતે પણ ખરીદ કેન્દ્રો ખોલવાના રહેશે.

રાજ્ય સરકારના e-PDS પોર્ટલ ઉપર Procurement menu માં ખેડૂતોની નોંધણી ઓનલાઈન કરવાની રહે છે. જેના નિયત નમૂનામાં ખેડૂત ખાતેદારનો આધાર નંબર મેળવવા પ્રયત્ન કરવાનો રહે

છે. તેમજ ખેડૂત ખાતેદાર પાસેથી બેંક ખાતાની વિગતો IFSC કોડ સાથે અથવા કેન્સલ ચેકની નકલ પણ મેળવવાની રહેશે. જેના આધારે ડાંગરના જથ્થાનું ચુકવણું RTGS/NEFT ટ્રાન્સફર થી જ કરવાનું રહેશે.

ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી પ્રાપ્તી બાબતે સંબંધિત જીલ્લા કચેરીઓ ધ્વારા ખરીદ કેન્દ્ર/ગોડાઉન કેન્દ્ર વાર રોજેરોજ/દૈનિક માહિતી નિયત નમૂના ના પત્રક નં.૭ એ, ૭ બી માં અત્રેની શાખાને ૧૧–૦૦ કલાક સુધીમાં ફેક્ષ/ઈમેઈલ ધ્વારા અચૂક મોકલી આપવાની રહેશે.

રાજય સરકારના ઠરાવ મુજબ નિગમના ગોડાઉનોની સંગ્રહ શકિત ધ્યાને લઈ ભાડાના ગોડાઉનો રાખવાની જરૂરીયાત જણાય તો જીલ્લા સ્થાનિક સમિતિ ધ્વારા નિર્ણય લેવાનો રહે છે, જે ધ્યાને લેશો.

ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી માટે ગુણવત્તા ધોરણો (Fair Average quality (uniform specifications) બાબતો અંગેની જરૂરી સુચનાઓ અત્રેની કયુ.સી શાખા ધ્વારા અલાયદી પાઠવવામાં આવશે જે મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ડાંગર, મકાઈ, બાજરી પ્રાપ્તિ અંગેના જરૂરી હિસાબો ભારત સરકાર ની સુચનાઓ મુજબ purchase-payment register, ટ્રાન્સપોર્ટેશન, મજૂરી, સંગ્રહ ભાડા મિલીંગ ચાર્જીસ અને અન્ય આનુંષંગિક ખર્ચના રેકર્ડ નિયત નમૂનાઓમાં અંગ્રેજીમાં નિભાવી કામગીરી પુર્ણ થયે તુર્તજ અત્રે રજુ કરવાના રહેશે. જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

લઘુતમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ,બાજરી ની ખરીદી અંગે ખેડૂતોને વ્યાપક જાણકારી મળી રહે તે માટે પેમ્ફલેટ બેનર્સ છપાવી બહોળી પ્રસિધ્ધિનું આયોજન કરવાનું રહેશે.

મેનેજર (એમ.એસ.પી)

બિડાણ:(૧) ઠરાવની નકલ–પરિશિષ્ટ–૧
(૨) ખરીદ કેન્દ્રો–પરિશિષ્ટ–૨ અને ૩ / પાના નં.૧ થી
(૩) પત્રક નં.૭–એ, ૭–બી.

**નકલ રવાના:–**

(૧) મેનેજરશ્રી (પર્સોનલ)....... તાલીમ પામેલ કર્મચારીઓની નિમણુંકની કાર્યવાહી થવા વિનંતી સહ,

(૨) મેનેજરશ્રી (કયુ.સી)
ગુ.રા.ના.પુ.નિ.લિ.,
ગાંધીનગર..... ઉકત બાબતે ગુણવતા ધારાધોરણો(Fair Average quality (uniform specifications) બાબતે અલાયદો પરિપત્ર થઈ આવવા વિનંતી સહ.

(૩) ભારતીય ખાદ્ય નિગમ લી.
હિમાલી ટાવર નજીક, શ્યામલ ચાર રસ્તા
માણેક બાગ રોડ, સેટેલાઈટ
અમદાવાદ–૩૮૦૦૧૫... જાણ થવા સારું.

મેનેજર (એમ.એસ.પી)

૧

ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ માં લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, બાજરી તથા મકાઈની પ્રાપ્તી અંગે

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંકઃ કેઓમઓસ/ ૧૪/ ૨૦૧૭/જીઓઆઇ/ ૩૪૪/ક
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૦૭/૧૦/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારશ્રીના અન્ન,અને જાહેર વિતરણ વિભાગના તા.૨૮/૦૬/૧૭ ના પત્ર ક્રમાંકઃ ૪(૩)/ ૨૦૧૭-પીવાય-I

(૨) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગરનો તા.૨૨/૮/૧૭ નો પત્ર ક્રમાંકઃ ૨૧૧એમએસપી/ કેએમએસ/ડાંગર/મકાઇ/બાજરી/ખરીદી/૨૦૧૭-૧૮/૩૮૦૬

આમુખ :-

ઉકત વંચાણ લીધેલ સંદર્ભ (૧)થી ભારત સરકારે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ માટે ડાંગર,બાજરી તથા મકાઈના લઘુત્તમ ટેકાના ભાવ નીચે મુજબ જાહેર કરેલ છે.

| કોમોડીટી | MSP પ્રતિ કિવન્ટલ રૂ. |
|---|---|
| ડાંગર (કોમન) | ૧૫૫૦/- |
| ડાંગર (ગ્રેડ-એ) | ૧૫૯૦/- |
| બાજરી | ૧૪૨૫/- |
| મકાઇ | ૧૪૨૫/- |

ઉકત વંચાણ લીધેલ સંદર્ભ (૨) થી લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર,મકાઇ તથા બાજરીની પ્રાપ્તિ માટે ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. એ વિગતવાર દરખાસ્ત કરેલ છે.

નિગમની સદરહુ દરખાસ્ત અન્વયે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ લઘુત્તમ ટેકાના ભાવથી ખુલ્લા બજારમાં ભાવો નીચા જાય તો ખેડૂતોને નુકશાન ન જાય અને તેઓને ઉત્પાદનના પોષણક્ષમ

ભાવો મળી રહે તે હેતુથી લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઇ તથા બાજરીની ખરીદી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

આમુખની વિગતે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. ગાંધીનગરને નીચેની શરતોને આધીન નોડલ એજન્સી તરીકે નિમણૂંક આપી ડાંગર, મકાઇ અને બાજરીની પ્રાપ્તિ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ માં ભારત સરકારના તા.૨૮/૬/૧૭ ના પત્રથી નકકી થયેલ લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઇ તથા બાજરીની પ્રાપ્તિ તા.૧૬/૧૦/૧૭ થી તા.૩૦/૧૨/૧૭ સુધીના સમયગાળામાં કરવાની રહેશે. જરૂર પડશે તો પ્રાપ્તિનો સમયગાળો વધુ ૧૫ દિવસ લંબાવવાનો રહેશે. આ અંગે જિલ્લા કક્ષાએ ડાંગર,મકાઇ તથા બાજરીની પ્રાપ્તિ અંગે જરૂરી આયોજન હાથ ધરી કલેક્ટરશ્રી ધ્વારા જરૂરી અહેવાલ અધિક મુખ્ય સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ/ મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ને કરવાનો રહેશે. હાલમાં ડાંગર, મકાઇ તથા બાજરીની પ્રાપ્તિ માટે ગુજરાત રાજયને ડીસીપી સ્ટેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેથી ટેકાના ભાવે પ્રાપ્ત કરવામાં આવેલ ડાંગર, બાજરી અને મકાઇનો જથ્થો નિગમ હસ્તક જ રહેશે અને ડાંગરના જથ્થામાંથી રૂપાંતરિત થયેલ પારાબોઇલ્ડ ચોખાનો જથ્થો ઘઉં ની જેમજ NFSA હેઠળ વિતરણ કરવાનો રહેશે.

(૨) ડાંગરનો પ્રાપ્ત કરવામાં આવેલ જથ્થો ચોખામાં રૂપાતર કરાવાનો રહેશે. ડાંગરના પ્રાપ્ત જથ્થાની મીલીંગ પ્રક્રિયા નિગમે કરવાની રહેશે.

(૩) ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૭-૧૮ માટે ડાંગર ૫૦૦૦ મે.ટન, મકાઈ ૨૦૦૦ મે.ટન તથા બાજરી ૨૦૦૦ મે.ટન પ્રાપ્તિનો લક્ષ્યાંક/ અંદાજ નકકી કરવામાં આવે છે.

(૪) ટેકાના ભાવે ડાંગર, મકાઇ તથા બાજરીની ખરીદી કેન્દ્ર સરકાર ધ્વારા નિયત કરેલ યુનિફોર્મ સ્પેશીફિકેશનના ધારાધોરણ મુજબ જ કરવાની રહેશે.

દરેક ખરીદ કેન્દ્ર ખાતે રાજ્ય સરકાર ધ્વારા ટેકાના ભાવે ડાંગર, મકાઇ તથા બાજરીની ખરીદી કરવામાં આવી રહેલ છે તે અંગેનું બેનર લગાવવાનું રહેશે. જેમાં લઘુત્તમ ટેકાના ભાવની ખરીદ કિંમતે એફ.એ.ક્યુ. (FAIR AVERAGE QUALITY ) એટલે કે સામાન્ય ગુણવત્તા ધરાવતો જથ્થો ખરીદવામાં આવશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. ખરીદ કેન્દ્ર ખાતે ટેકાના ભાવ કરતા નીચા ભાવે વેચાણ ન થાય તે માટે ખેડૂતોને રાજય સરકાર ધ્વારા ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહેલ છે તે બાબતની જાણ કરવાની કાર્યવાહી નિગમે કરવાની રહેશે. જે કિસ્સામાં ખેડૂતનો જથ્થો એફ.એ.કયુ. ક્વોલીટી મુજબનો ન હોય અને આવો જથ્થો ટેકાના ભાવે ખરીદી શકાય તેમ ન હોય તો આવા જથ્થાનું સેમ્પલ લઈ આ જથ્થો ક્યા કારણથી ખરીદી શકાય તેમ નથી તેની નોંધ સહિત ખેડૂતનું નામ,સરનામુ તેમજ તેના દ્વારા ઓફર કરવામાં આવેલ જથ્થાની વિગતની નોંધ રાખવાની રહેશે.

(૫) રાજયના ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઇ તથા બાજરીનો જથ્થો ખરીદવામાં આવી રહેલ છે તે બાબતે પુરતી જાણકારી મળી રહે તે માટે નિગમે વર્તમાનપત્ર, ટીવી. માં બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે તેમજ ખેડૂતોને તેઓનો જથ્થો સાફસૂફ કરી જરૂરી જણાયે ચારણો કરી તેમજ તેમાં ભેજનું પ્રમાણ નિયત મર્યાદામાં રહે તે માટે જરૂર જણાયે ડાંગર, મકાઇ તથા બાજરી તડકામાં સુકવી વેચાણ માટે બજારમાં લાવવા જણાવવાનું રહેશે કે જેથી તેઓનો જથ્થો અસ્વીકૃત ન થાય.

(૬) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. આ પ્રાપ્તી માટે જરૂર જણાયે એજન્સીની નિમણૂંક કરી શક્શે.

(૭) ટેકાના ભાવે ડાંગર, મકાઇ તથા બાજરીની ખરીદીની કામગીરી માટે રાજયમાં ડાંગર, મકાઇ તથા બાજરીનું ઉત્પાદન થતુ હોય તેવા તમામ જિલ્લાના તમામ ગોડાઉનો તથા ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ (એ.પી.એમ.સી.) ખાતે ખરીદ કેન્દ્ર શરૂ કરવાના રહેશે તેમજ ખરીદવામાં આવેલ જથ્થાના સંગ્રહ માટે નિગમ પાસે ઉપલબ્ધ સંગ્રહ વ્યવસ્થાનો ઉપયોગ ક્યાં બાદ વધુ સંગ્રહ વ્યવસ્થાની જરૂર જણાય તો સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન, ભારતીય ખાદ્ય નિગમ પાસે ઉપલબ્ધ સંગ્રહશક્તિનો ઉપયોગ કરવાનો રહેશે. આમ છતાં સ્થાનિક જરૂરિયાતને લક્ષમાં લઈ જરૂર જણાયે અન્ય સહકારી/ખાનગી સંસ્થાઓ પાસે સંગ્રહશક્તિ ઉપલબ્ધ હોય તો તેનો ઉપયોગ પણ કરી શકાશે.

(૮) ડાંગર,મકાઇ તથા બાજરીના જથ્થાના સંગ્રહ માટે ૫૦ કિલોગ્રામ ભરતીવાળા પુરતા બારદાનની વ્યવસ્થા નિગમે કરવાની થશે. આ માટે નિગમે રવિ માર્કેટીંગ સિઝન ૨૦૧૩-૧૪ માં ઘઉની ખરીદી માટે ડી.જી.એસ. એન્ડ ડી. કલકતા પાસેથી શણના બારદાનની ખરીદી કરેલ હતી તે પૈકી ઉપલબ્ધ બારદાનના જથ્થાનો ઉપયોગ કરવાનો રહેશે.

(૯) ટેકાના ભાવે ડાંગર, મકાઇ તથા બાજરીની ખરીદી માત્ર ગુજરાત રાજયના ખેડૂત પાસેથી ગુજરાતમાં ઉત્પાદિત ડાંગર, મકાઇ તથા બાજરીની જ કરવાની રહેશે.

(૧૦) કેન્દ્ર સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત જે હેન્ડલીગ ચાર્જ મંજુર કરવામાં આવશે તેની મર્યાદામાં ખર્ચ થાય તે મુજબ ખરીદી કરવાનો પ્રયાસ કરવાનો રહેશે. આમ છતાં કોઈ અનિવાર્ય સંજોગોમાં આ કામગીરીમાં નિગમને વધુ ખર્ચ થાય તેમ હોય તો તેના વાજબીપણા સહની દરખાસ્ત કરી રાજ્ય સરકારની મંજુરી મેળવ્યેથી આવો ખર્ચ રાજય સરકાર સરભર કરી આપશે.

(૧૧) લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઇ તથા બાજરીની ખરીદી ખરેખર ખેડૂતો પાસેથી ચાલુ સિઝનના ઉત્પાદન પૈકી જ કરવાની છે, કોઈ વેપારી કે દલાલો પાસેથી નહી. આ ખરીદી ખેડૂતો પાસેથી ૭/૧૨ તથા ૮/અ ના વર્ષ ૨૦૧૬-૧૭ ના ઉતારા સામે કરવાની રહેશે. ખેડૂતો ધ્વારા તેમનો જથ્થો વેચાણ માટે લાવતી વખતે આ દસ્તાવેજ (૭/૧૨ અને ૮/અ) લઇને આવે તે અંગેની પ્રસિધ્ધિ કરવાની રહેશે. આ અંગે જો કોઇ મુશ્કેલી જણાય તો વિભાગના તા.૨૩/ ૩/ ૧૧ ના પત્ર ક્રમાંક સીએસસી/૧૦/૨૦૧૦/૧૪૩/ક૧ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં પ્રત્યેક ખરીદીમાં માલ વેચનાર ખેડુતનો આધાર નંબર પણ સામેલ કરવા